## આજનો સુવિચાર

આંખો બંધ કરવાથી મુસીબત જતી નથી, અને મુસીબત આવ્યા વિના આંખ ખુલતી નથી!

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/24
(VALID up to 31-12-2026)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર દૈનિક ભૂમિ

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૮ અંક : ૨૨૫ જૂનાગઢ તા.૦૫-૦૯-૨૦૨૪ ગુરૂવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 48 Volume : 225, Junagadh : Date : 05 September, 2024, Thursday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay

## અકસ્માતગ્રસ્તોને ૪૮ કલાક ફ્રી સારવારની યોજના દેશભરમાં લાગુ થશે

નવી દિલ્હી, તા. ૫

દિલ્હીમાં યોજાયેલી વર્લ્ડ સેફટી કોન્ફરન્સમાં સંબોધન કરતા નીતિ આયોગના સભ્ય ડો.વી.કે.પોલએ જણાવ્યું હતું કે ટુંક સમયમાં સરકાર દેશભરમાં અકસ્માતનો ભોગ બનનારને પ્રથમ ૪૮ કલાક માટે મફત મેડીકલ સારવારની યોજના અમલમાં મૂકવા જઈ રહી છે. તેમને કહ્યું કે, આ યોજનાનો પાયલોટ પ્રોજેકટ ચંદીગઢમાં અમલમાં મુકાયો હતો. તે સફળ રહ્યો છે અને તેના કારણે માર્ગ અકસ્માતોમાં ઈજાગ્રસ્તોને સમયસર સારવાર મેળવવામાં પણ મદદ થઈ છે. જે હવે દેશભરમાં ૨૪x૭ ઉપલબ્ધ બનાવવા તૈયારી છે. અને તેના માટે નેશનલ એમ્બ્યુલન્સ સર્વિસનો જે કાફલો છે તેમાં વધુ ૧૬ હજાર વાહનો ઉમેરાશે અને ટેલી હેલ્થ સર્વિસને પણ વધુ આધુનિક બનાવાશે.

## દેશમાં ૨૦ કરોડ લોકો નિષ્ક્રીય ભારત ફીટ હશે તો જીડીપી હીટ રહેશે






મુંબઈ, તા.૫:

દેશમાં શારીરિક રીતે નિષ્ક્રીય લોકોની સંખ્યા ચિંતાજનક સ્તરે પહોંચી ગઈ છે. આ સ્થિતિ માત્ર સ્વાસ્થ્યની ચિંતાઓ જ નથી વધારી રહી, તે ભારતના ગ્રોસ ડોમેસ્ટિક પ્રોડક્શન (જીડીપી)ને પણ અસર કરી રહી છે. એક અભ્યાસનો અંદાજ છે કે રમતગમત અને કસરતની પ્રવૃત્તિઓ વધારીને લોકોના સ્વાસ્થ્યને સુધારી શકાય છે. એવું બને છે કે ૨૦૪૭ સુધીમાં જીડીપીમાં વાર્ષિક ૧૫ લાખ કરોડ રૂપિયાનો વધારો થઈ શકે છે. જે બીમારીના કારણે કર્મચારીઓની ગેરહાજરીને કારણે ૨.૫ લાખ કરોડ રૂપિયાનું નુકસાન અટકાવવાનો પણ સમાવેશ થાય છે. વૈશ્વિક કન્સલ્ટન્સી ફર્મ ડાલબર્ગ એડવર્ટાઈઝર્સે તેના પ્રકારનો પ્રથમ સર્વે હાથ ધર્યો છે જેમાં ડબ્લ્યુએચઓ માર્ગદર્શિકાને માનક બનાવીને દેશની સક્રિયતાની ખાતરી કરવામાં આવી છે. રિપોર્ટ અનુસાર, ૧૫.૫ કરોડ ભારતીય પુખ્ત વયના લોકો અને ૪.૫ કરોડ કિશોરો WHO સ્કેલ પર શારીરિક પ્રવૃત્તિમાં જોડાવામાં નિષ્ફળ જાય છે. WHO અનુસાર, દરેક પુખ્ત વ્યક્તિએ અઠવાડિયામાં ઓછામાં ઓછી ૧૫૦ થી ૩૦૦ મિનિટ કસરત કરવી જોઈએ. બાળકો અને કિશોરોએ દરરોજ ૬૦ મિનિટની શારીરિક પ્રવૃત્તિ જાળવી રાખવી જોઈએ.

દેશવાસીઓને શારીરિક રીતે સક્રિય બનાવીને ૧૧ કરોડ પુખ્ત લોકોને બિનચેપી રોગોથી સુરક્ષિત કરી શકાય છે. આમ કરવાથી ૨૦૪૭ સુધીમાં આત્મહત્યાના કેસમાં ૩૦ હજારનો ઘટાડો થઈ શકે છે. તે જ સમયે, દેશમાં સ્થૂળતા, હૃદય સંબંધિત બિમારીઓ અને માનસિક બિમારીઓમાં ઘટાડો કરીને સ્વાસ્થ્ય ખર્ચમાં લગભગ ૩૦ લાખ કરોડ રૂપિયાની બચત કરી શકાય છે.

## આંતર રાષ્ટ્રીય બજારમાં ક્રુડ તેલની કિંમત ચાલુ વર્ષનાં સૌથી નીચલા સ્તરે પહોંચી : પેટ્રોલ - ડીઝલ સસ્તા થશે ?



નવી દિલ્હી, તા.૫: મોંઘવારીનો માર સહન કરી રહેલા સામાન્ય લોકો માટે સારા સમાચાર છે. દેશમાં ટૂંક સમયમાં પેટ્રોલ અને ડીઝલના ભાવમાં ઘટાડો થઈ શકે છે. તેનું કારણ એ છે કે ક્રૂડ ઓઈલની કિંમત જાન્યુઆરી પછીના સૌથી નીચા સ્તરે પહોંચી ગઈ છે. આનાથી ઓઈલ માર્કેટિંગ કંપનીઓના નફામાં વધારો થયો છે અને પેટ્રોલ અને ડીઝલના ભાવમાં ઘટાડો કરવાનો અવકાશ ઉભો થયો છે. મહારાષ્ટ્ર અને હરિયાણામાં યોજાનારી વિધાનસભાની ચૂંટણી પહેલા પેટ્રોલ અને ડીઝલના ઊંચા ભાવથી રાહત મળી શકે છે. હાલમાં દેશના ઘણા શહેરોમાં પેટ્રોલની કિંમત ૧૦૦ રૂપિયાથી વધુ છે જ્યારે ડીઝલ પણ ૯૦ રૂપિયાની આસપાસ છે. બેન્ચમાર્ક બ્રેન્ટ ક્રૂડની કિંમત ભારતના ક્રૂડ ઓઈલ પ્રાપ્તિ ખર્ચને અસર કરે છે. બુધવારે તેની કિંમત ૭૩.૫૮ ડોલર પ્રતિ બેરલ છે. મંગળવારે તેની કિંમત ૫% ઘટી હતી અને આ વર્ષના રેકોર્ડ નીચલા સ્તરની નજીક પહોંચી ગઈ હતી. ખાસ કરીને ચીનમાં માંગમાં મંદીના કારણે કાચા તેલની કિંમતમાં ઘટાડો થયો છે. નિષ્ણાતો કહે છે કે લિબિયાના સપ્લાય માર્કેટમાં પાછા ફરવાને કારણે વધુ સપ્લાયની શકયતા, ઓક્ટોબરથી OPEC જૂથના સ્વૈચ્છિક ઉત્પાદનમાં ઘટાડો અને જૂથની બહારનાસ્ત્રોતોમાંથી ઉત્પાદનમાં વધારો તેલના ભાવ પર દબાણ લાવી રહ્યું છે.

## પોકર અને રમી જુગાર નથી - કૌશલ્યની રમત છે : અલ્હાબાદ હાઈકોર્ટનો સીમાવર્તી ચુકાદો

અલ્લાહાબાદ,તા.૫

અલ્લાહાબાદ હાઈકોર્ટે એક મહત્ત્વપૂર્ણ ચુકાદામાં કહ્યું છે કે, 'પોકર (પત્તાની રમત) અને રમી જુગાર નથી. પરંતુ સ્કીલની રમત છે.' મેસર્સ ડી.એમ. ગેમિંગ પ્રાઈવેટ લિમિટેડની અરજી પર જસ્ટિસ શેખર બી. સરાફ અને જસ્ટિસ મંજીવ શુક્લની બેન્ચે આ આદેશ આપ્યો છે.

ભારતના બંધારણની કલમ ૨૨૬ હેઠળ મેસર્સ ડી.એમ. ગેમિંગ પ્રાઈવેટ લિમિટેડ તરફથી અલ્લાહાબાદ હાઈકોર્ટમાં અરજી દાખલ કરવામાં આવી હતી. અરજદારે ૨૪ જાન્યુઆરી ૨૦૨૪ ના રોજ આગ્રા પોલીસ કમિશનરેટના DCP સિટીના કાર્યાલય દ્વારા પસાર કરાયેલા આદેશથી નારાજ થઈને હાઈકોર્ટમાં અરજીમાં દાખલ કરી હતી. ડીસીપી ઓફિસે પોકર અને રમી માટે ગેમિંગ યુનિટ ચલાવવાની પરવાનગી નકારી હતી.

હાઈકોર્ટ સમક્ષ પ્રાથમિક કાનૂની મુદ્દો એ હતો કે, શું પોકર અને રમીને જુગારની પ્રવૃત્તિઓ તરીકે વર્ગીકૃત કરી શકાય કે સ્કીલની રમતો તરીકે ઓળખી શકાય. કોર્ટે જણાવ્યું હતું કે, 'જુગાર પર પ્રતિબંધ છે તેને ધ્યાનમાં રાખીને મંજૂરી આપવાનો ઈન્કાર કરવામાં આવ્યો હતો. એ પાસાને ધ્યાનમાં લીધા વિના કે પત્તાની રમતો એટલે કે પોકર અને રમી સંપૂર્ણપણે સ્કીલની રમતો છે અને તે જુગાર નથી.'

અલ્લાહાબાદ હાઈકોર્ટે વધુ સ્પષ્ટતા કરી કે પોકર અને રમી રમતા ગેમિંગ યુનિટ ચલાવવાની મંજૂરી આપવાથી સત્તાવાળાઓને ગેરકાયદે જુગાર પ્રવૃત્તિઓ પર દેખરેખ રાખવાથી રોકી શકાતી નથી. હાઈકોર્ટે સ્કીલ આધારિત રમતોના મુદ્દે સુપ્રીમ કોર્ટ અને વિવિધ હાઈકોર્ટના નિર્ણયોને ધ્યાનમાં લઈને સંબંધિત ઓથોરિટીને આ બાબતે પુનર્વિચાર કરવાનો નિર્દેશ આપ્યો છે.

## અમેરીકાનાં જયોર્જિયાની શાળામાં અંધાધુંધ ગોળીબાર : ૪નાં મોત : ૩૦ ઘાયલ

વોશીંગ્ટન,તા.૫

અમેરિકામાં બેફામ ગન કલ્ચરથી વધુ એક હત્યાકાંડ સર્જાયો હોય તેમ જયોર્જીયાની સ્કુલમાં બેફામ ગોળીબાર થતા ૪ લોકોનાં મૃત્યુ નીપજયા હતા. આ ઉપરાંત વિન્ડરની હાઈસ્કુલમાં અંધાધુંધ ગોળીબારથી ૩૦ લોકો ઘાયલ થયા હતા. ગોળીબારની આ ઘટનાથી અમેરીકી પ્રમુખ જો બાઈડન સખત નારાજગી દર્શાવી હતી અને હવે આ પ્રકારનાં ઘટનાક્રમ સાંખી શકાય તેમ નથી હોવાનું જાહેર કર્યુ હતું..

## કોલકત્તા પોલીસે મામલો દબાવવાનો પ્રયાસ કર્યો હતો : પીડિત પરીવારને લાંચની ઓફર કરી હતી

કોલકતા તા. ૫ કોલકાતાની હોસ્પિટલમાં મહિલા ડોક્ટર પર બળાત્કાર અને હત્યાનાં બનાવ અંગે રાષ્ટ્રવ્યાપી આક્રોશ જોવા મળી રહ્યો છે. ડોક્ટરોની સાથે સામાન્ય લોકો પણ આ અંગેના આંદોલનમાં સક્રિયપણે ભાગ લઈ રહ્યા છે. દરમિયાન તાલીમાર્થી તબીબના વાલીઓએ પોલીસ પર ગંભીર આક્ષેપો કર્યા છે. મૃતક ડોકટરના પરિવારજનોએ દાવો કર્યો છે કે જયારે મૃતદેહ તેમને સોંપવામાં આવ્યો ત્યારે એક વરિષ્ઠ પોલીસ અધિકારીએ મામલો થાળે પાડવા માટે તેમને લાંચ આપવાનો પ્રયાસ કર્યો હતો, જેને તેઓએ ફગાવી દીધો હતો. મૃતકના પરિવારજનોનું આ નિવેદન ત્યારે આવ્યું છે જયારે બુધવારે પહેલીવાર તેઓએ પોતાની પુત્રીને ન્યાય મેળવવા માટે વિરોધ પ્રદર્શનમાં ભાગ લીધો હતો. મૃતકના પિતાએ કહ્યું કે અમારે આ પ્રદર્શનોમાં ભાગ લેવો પડશે. છેવટે, આપણે બીજું શું કરી શકીએ? વસ્તુઓ ખૂબ જ ધીરે ધીરે થઈ રહી છે.

આ દરમિયાન તેણે પોલીસ પર કથિત રીતે સંપૂર્ણ તપાસ કર્યા વિના કેસ બંધ કરવાનો પ્રયાસ કરવાનો આરોપ પણ લગાવ્યો. મૃતક તબીબના પિતાનો આરોપ છે કે પોલીસે શરૂઆતથી જ મામલાને દબાવવાનો પ્રયાસ કર્યો હતો. તેમણે કહ્યું કે, ઘટનાની રાત્રે તેમની પુત્રીના મૃતદેહને સ્મશાનગૃહમાં લઈ જવાની ફરજ પડી હતી. કોઈ પણ જાતની તપાસ કર્યા વિના જ કહેવાયું કે તેની દીકરીએ આત્મહત્યા કરી છે. પછી જ્યારે અમે ૧૨:૧૦ વાગ્યે હોસ્પિટલ પહોંચ્યા ત્યારે અમને દીકરીનો ચહેરો જોવા માટે સેમિનાર હોલની બહાર ત્રણ કલાક સુધી બેસાડવામાં આવ્યા. અમને મૃતદેહ જોવાની મંજૂરી ન હતી. આટલું જ નહીં, મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે લઈ જવામાં ન આવે ત્યાં સુધી અમારે પોલીસ સ્ટેશનમાં રાહ જોવી પડી હતી.

તે રાત્રે તેમની પુત્રીનો મૃતદેહ કેવી રીતે લઈ જવામાં આવ્યો તેની પણ માહિતી આપી હતી. તેણે કહ્યું કે અમે અંતિમ સંસ્કાર કરવા માંગતા ન હતા અને શક્ય હોય ત્યાં સુધી મૃતદેહ છોડવા માંગતા હતા, પરંતુ અમારા પર દબાણ કરવામાં આવ્યું હતું. અમે એક કલાક સુધી પોલીસ સ્ટેશનમાં બેસી રહ્યા. મજબૂરીમાં ઘરે પરત ફર્યા. ઘરે જઈને જોયું તો ત્યાં ૪૦૦ પોલીસવાળા ઉભા હતા. પછી અમારી પાસે કંઈ કરવાનો કોઈ વિકલ્પ નહોતો. અમારે મૃતદેહ સ્વીકારી અંતિમ સંસ્કાર કરવા પડ્યા, પરંતુ તે દિવસે અગ્નિસંસ્કારનો ખર્ચ કોણે ઉઠાવ્યો તે આજ સુધી અમે જાણી શક્યા નથી. તેણે વધુમાં કહ્યું કે જ્યારે મૃતદેહ અમને સોંપવામાં આવ્યો ત્યારે એક વરિષ્ઠ પોલીસ અધિકારીએ પણ અમને પૈસા આપવાનો પ્રયાસ કર્યો હતો.

## હરીયાણામાં ભાજપની પ્રથમ ઉમેદવારી યાદી જાહેર થયા બાદ હોબાળો : ટીકીટ કપાતા બે ધારાસભ્યોએ ભાજપમાંથી રાજીનામા આપ્યા

ચંદીગઢ, તા. ૫

આગામી સમયમાં યોજાનારી પ્રતિષ્ઠાના જંગ જેવી હરિયાણા વિધાનસભાની ચૂંટણીમાં ભાજપે ૨૭ ઉમેદવારોની પ્રથમ યાદી જાહેર કરી છે જેમાં ત્રણ મંત્રીઓ સહિત ૮ ધારાસભ્યોને પડતા મૂકયા છે. જયારે ૨૭ નવા ચહેરાને ટીકીટ આપી છે. હાલમાં જ જનનાયક જનતા પાર્ટી સાથે છેડો ફાડી ભાજપ સાથે જોડાયેલા પાંચ ધારાસભ્યોને કમળના નિશાન પર લડવા ભાજપે ટીકીટ આપી છે.

હરિયાણામાં હાલ ભાજપ સત્તાવિરોધી લહેરમાં સામનો કરી રહ્યો હોવાનું માનવામાં આવે છે અને તેથી અંદાજે ૪૦ બેઠકો પર ઉમેદવારો બદલ્યા છે. દરમ્યાનમાં ભાજપની પ્રથમ યાદી જાહેર થયા બાદ ભારે હોબાળો મચી ગયો છે. બે વર્તમાન ધારાસભ્યોની ટીકીટ કપાતા બે ધારાસભ્યોએ ભાજપમાંથી રાજીનામુ આપી દીધુ છે અને બળવો કરવાનાં સંકેત આપ્યા છે.

## પીએમ આવાસ યોજના અંતર્ગત બે કરોડ લાભાર્થીઓને મકાન મળશે

નવી દિલ્હી તા.૫

કેન્દ્ર સરકાર દેશના વધુને વધુ લોકોને આવાસ આપવાનું કામ કરી રહી છે. આ અંતર્ગત શ્રમ અને રોજગાર મંત્રાલયે કહ્યું કે તેણે આર્થિક રીતે નબળા કામદારોને પ્રધાનમંત્રી આવાસ યોજનાનો લાભ આપવાની પ્રક્રિયા શરૂ કરી છે.

મંત્રાલયે નિવેદનમાં જણાવ્યું છે કે રાજ્ય સરકારોને PMAY હેઠળ સ્થળાંતર કામદારો, મકાન બાંધકામ કામદારો, બીડી કામદારો, સિનેમા કામદારો, કોલસાની ખાણ સિવાયના કામદારો, કોન્ટ્રાકટ મજૂરો અને અન્ય અસંગઠિત કામદારોને સામેલ કરવા માટે કહેવામાં આવ્યું છે.

## કેજરીવાલની જામીન અરજી પર સુપ્રિમ કોર્ટમાં સુનાવણી : બેલ મળશે કે જેલ ?

નવી દિલ્હી તા. ૫

દિલ્હીનાં મુખ્યમંત્રી અને આમ આદમી પાર્ટીનાં કન્વીનર અરવિંદ કેજરીવાલની જામીન પર આજે સુપ્રિમ કોર્ટમાં સુનાવણી થઈ રહી છે જેમાં અદાલત કેજરીવાલને જામીન આપશે કે જયુડીશીયલ કસ્ટડી લંબાવશે તે અંગેનો નિર્ણય કરશે. અગાઉ કેજરીવાલે કરેલી જામીન અરજીઓને અદાલતે ફગાવી દીધી છે ત્યારે આજે આ બાબતે શું નિર્ણય આવે છે તેના પર સંબંધિત તમામની મીટ મંડાયેલ છે.

## ભારતમાં બળાત્કારનાં ૧૦માંથી ૭ કેસમાં આરોપીને સજા થતી નથી

નવી દિલ્હી, તા.૫: કોલકાતામાં મહિલા ડૉક્ટર પર બળાત્કાર અને હત્યાના મામલાને લઈને સમગ્ર દેશ ગુસ્સામાં છે. દરેક જણ આરોપીઓને કડકમાં કડક સજાની માંગ કરી રહ્યા છે. પરંતુ ઘણીવાર એવું જોવા મળે છે કે બળાત્કારના કેસમાં આરોપીઓને સજા થતાં ઘણો સમય પસાર થઈ જાય છે. તપાસમાં વિલંબને કારણે વર્ષો સુધી ટ્રાયલ ચાલુ રહે છે. આરોપીઓને લાંબી કાનૂની પ્રક્રિયાનો લાભ મળે છે. ઘણી વખત એવું જોવામાં આવ્યું છે કે ટ્રાયલ પૂર્ણ થવા છતાં આરોપીઓને સજા મળતી નથી અને તેઓ સરળતાથી નિર્દોષ છૂટી જાય છે. ભારતમાં મહિલાઓ વિરુદ્ધના ગુનાઓની તપાસ અને કાર્યવાહીમાં મોટા પડકારો છે. ૨૦૨૨માં બળાત્કારના લગભગ ૪૫,૦૦૦ કેસ પોલીસને તપાસ માટે સોંપવામાં આવ્યા હતા, પરંતુ માત્ર ૨૬,૦૦૦ કેસમાં જ ચાર્જશીટ દાખલ કરવામાં આવી હતી. આ સંખ્યા ૨૦૨૨ માં નોંધાયેલી ઘટનાઓની સંખ્યા કરતા ઓછી હતી. રિપોર્ટ અનુસાર, ૨૦૨૨માં પોલીસમાં બળાત્કારના લગભગ ૩૨,૦૦૦ કેસ નોંધાયા હતા. જો કે, અગાઉના વર્ષોના પેન્ડિંગ ૧૩,૦૦૦ થી વધુ કેસો પહેલેથી જ વિચારણા હેઠળ હતા, જેના કારણે પોલીસ પર લગભગ ૪૫,૦૦૦ કેસોની તપાસનો બોજ હતો. પરંતુ ગુનેગારો પર કાર્યવાહી કરવાના સંદર્ભમાં, ૨૦૨૨ માં લગભગ ૨૬,૦૦૦ કેસોમાં ચાર્જશીટ દાખલ કરવામાં આવી હતી. આ ૬૦ ટકા કરતા ઓછા કેસોની તપાસ કરવાની હતી અને ૨૦૨૨ માં નોંધાયેલી ઘટનાઓની સંખ્યા કરતા ઓછી હતી. આ સમસ્યા માત્ર બળાત્કારના કિસ્સાઓ પુરતી જ સીમિત નથી, પરંતુ મહિલાઓ વિરુદ્ધના તમામ ૧૧ કેટેગરીના ગુનાઓનું વિશ્લેષણ કરવામાં આવ્યું છે.

## દેશમાં ટ્રાફીક નિયમો અંગે જાગૃતિનો સંપૂર્ણ અભાવ : વાહન ચાલકોમાં શિસ્ત નથી - ગમે તેટલો દંડ વધારો અકસ્માતો ઘટતા નથી : નિતિન ગડકરી

નવી દિલ્હી, તા. ૫

દેશમાં વધતા જતા વાહનો અને માર્ગોની નબળી પરિસ્થિતિ ઉપરાંત ટ્રાફિક સેન્સના અભાવના કારણે ટ્રાફિક ભંગના કેસ અને ખાસ કરીને અકસ્માતો વધી રહ્યા છે તેના પર અફસોસ વ્યકત કરતા કેન્દ્રીય માર્ગ વ્યવહાર મંત્રી નીતિન ગડકરીએ જણાવ્યું કે, ટ્રાફિક દંડ ગમે તેટલો વધારો પરંતુ તેનાથી ટ્રાફિક ભંગના કેસ ઘટતા નથી અને વાસ્તવમાં આપણે માર્ગનો ઉપયોગ કરનારની ટ્રાફિક સેન્સ બદલવાની જરૂર છે. નિતિન ગડકરીએ જણાવ્યું કે, મોટર વ્હીકલ એકટ ૨૦૧૯માં ટ્રાફિક નિયમનો ભંગ બદલ ભારે દંડ અને લાયસન્સ સસ્પેન્ડ કરવાની જોગવાઈ છે પરંતુ લોકો ટ્રાફિક નિયમોને ગંભીરતાથી લેતા નથી અને દંડ કેટલો વધારવો તે પણ પ્રશ્ન છે.

દેશમાં ટ્રાફિક ઉલ્લંઘનના કેસો વધી રહ્યા છે. માર્ગ અકસ્માતમાં મૃત્યુ પામનારની સંખ્યા ૨૦૧૯માં ૧.૫૯ લાખ હતી તે ૨૦૨૨માં ૧.૬૮ લાખ સુધી પહોંચી ગઈ છે. ગડકરીએ કહ્યું કે, કાનુન લાગુ કરવા છતાં પણ માર્ગ અકસ્માત કે મૃત્યુની સંખ્યામાં કોઈ ઘટાડો થયો નથી. કેન્દ્રીય મંત્રીએ કહ્યું કે, આપણે બસ અને ટ્રક ચાલકોને ટ્રાફિક અંગે તાલીમ આપવી પડશે. જો તેઓ નિયમોને માનવા લાગશે તો સંભવ છે કે અકસ્માત અને મૃત્યુની સંખ્યા આપણે ઘટાડી શકીએ. તેમને ઉમેર્યુ કે, ભારતીય રોડ ઉપરના ટ્રાફિકમાં લેન ડીસીપ્લીનનો સંપૂર્ણ અભાવ છે. અનેક લેનના માર્ગ બનાવાયા હોવા છતાં વાહન ચાલક તેનો યોગ્ય રીતે ઉપયોગ કરતા નથી. ઉપરાંત માર્ગો ઉપર મહત્તમ સ્પીડ અંગેના નિયમો છે. તેનો ભાગ્યે જ પાલન થાય છે. તેઓએ ઉમેર્યુ કે, દ્વિચક્રી વાહનો ચલાવનારમાં મૃત્યુની સંખ્યા વધુ છે અને ૨૦૨૨માં હેલ્મેટ નહીં પહેરવાથી ૫૦ હજારથી વધુ લોકોના મૃત્યુ થયા હતા.

જૂનાગઢ ઓફીસ માટે સેલ્સ ગર્લ્સ જોઈએ છે
ધો.૧૨ પાસ બેઝીક અંગ્રેજી આવડતું હોવું જોઈએ
(ઉ. ૨૨ થી ૩૨)
જૂનાગઢ : 63549 69729

સોપારીનું કટીંગ રીટેઈલમાં મળશે
અમારી સ્પેશ્યલ જુની મોરો સોપારીનું કટીંગ ફકત ૨૫૦ ગ્રામ લઈ અને ખાત્રી કરો
તમે જ કહેશો કે વાહ ભઈ વાહ
મોરો સોપારી કટીંગ
૧ કિલોના ફકત રૂા.૬૦૦
આ રીટેઈલ માટે છે
જૂનાગઢ
મો.૯૩૭૬૯૦ ૫૫૯૯૨

ઈન્ટરનેશનલ ગોલ્ડ સ્ટાર એવોર્ડ વિજેતા
જોષી દાદા મો. ૯૯૧૩૫ ૧૧૭૩૭ ૯૪૨૮૦ ૨૬૯૬૮
નક્ષત્ર – જયોતિષ
શું તમારૂ સગપણ થતું નથી ?
શું તમારો ધંધો મંદો ચાલે છે ?
શું તમારા ઘરમાં કલેશ અને અશાંતિ રહે છે ?
શું તમો વારંવાર બિમાર પડો છો ?
આ બધી સમસ્યાઓનું એકજ જગ્યાએ સચોટ નિવારણ
આદિ ગુરૂ જગત ગુરૂ શંકરાચાર્ય રચિત સૌદર્ય લહેરી આધારીત દરેક પ્રયોગ દ્વારા યંત્રથી અને અનુષ્ઠાનથી દરેક વિધી વિધાન કાર્ય કરવામાં આવશે.
કૈલાશ એપાર્ટમેન્ટ, દુકાન નં. ૮, તળાવ દરવાજા, શાકમાર્કેટ, જૂનાગઢ
ફોન કરીને અવશ્ય આવવું

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)
ડૉ. ધવલ સંઘવી
બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩
ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો




તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત
વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જગ્યાએ ઉપલબ્ધ
કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

Since 1983
શંખ બ્રાન્ડ મસાલા
ગાયત્રી મસાલા
મો. : ૯૪૨૬૯ ૨૩૦૨૩
• મરચું
• હળદર
• ધાણાજીરૂ
• ગરમ મસાલો



ભાતીગળ સંસ્કૃતિની ઝાંખી એટલે... હાલો માનવીયું તરણેતરના મેળે જો.... હાલો રે હાલો તરણેતર મેળે જઈએ...

# સુરેન્દ્રનગર જિલ્લામાં ત્રિનેત્રેશ્વર મહાદેવના સાનિધ્યમાં યોજાતો વિશ્વ વિખ્યાત તરણેતરનો મેળો ઐતિહાસિક, પૌરાણિક અને ધાર્મિક આસ્થાનું પ્રતિક

## ચાલો જાણીએ, આ પાંચાળભૂમિમાં ત્રિનેત્રેશ્વર મહાદેવનું પ્રાગટય-નામ કઈ રીતે પડ્યું






(પ્રતિનિધિ દ્વારા)

રાજકોટ તા.૫

'મેળો' એવું નામ કદાચ મોડેથી પ્રચલિત થયું હોય તો પણ મેળાનો ઉત્સવ ઘણો પ્રાચીન છે. તેના અસંખ્ય પુરાવા પ્રાચીન ગ્રંથોમાંથી પ્રાપ્ત થાય છે. દરેક મેળાની સાથે તેના મહાત્મ્ય અને જે તે સ્થળની પ્રાચીનતાનો ઈતિહાસ સંકળાયેલો હોય છે. આજે મેળો એક ઉત્સવ બની ગયો છે, જેમાં અબાલવૃદ્ધ સૌ કોઈ ઉમંગભેર ભાગ લે છે. દેશનું પ્રત્યેક રાજ્ય આવા મેળાઓથી સભર છે જેમાં ગુજરાતને શિરમોર ગણી શકાય. મેળામાં લોકજીવનનો ઉમંગ ઉત્સાહ, લોકસંસ્કૃતિની રંગીન કલાત્મકતાનો અને પરંપરાગત અવનવા પ્રાચીન પહેરવેશમાં ભાતીગળ સંસ્કૃતિની ઝાંખી ઉજાગર કરાવતો પચરંગી પહેરવેશનો એક અનેરો ઉમળકો તાદર્શ થાય છે તેવો સુરેન્દ્રનગર જિલ્લાના થાનગઢ તાલુકાની પાંચાળ ભૂમિ તરણેતર ખાતે આવેલા ત્રિનેત્રેશ્વર મહાદેવના સાનિધ્યમાં યોજાતો વિશ્વ વિખ્યાત તરણેતરનો મેળો ઐતિહાસિક, પૌરાણિક અને ધાર્મિક મહત્ત્વ ધરાવે છે. તરણેતરનો મેળો એટલે આનંદ, યુવાની અને કળાનો અનેરો સંગમ. ભાદરવા સુદ ત્રીજના દિવસે સવારે મહાદેવના પૂજનથી મેળાની શરૂઆત થાય. ત્યારબાદ ચોથના દિવસે રંગત જામે, યૌવન ખીલે અને રાસ, ગરબા, દુહા અને છંદની રમઝટ બોલે. ટીટોડો અને હૂડારાસ એ તરણેતરના મેળાનું આગવું અંગ છે. ત્યારબાદ ઋષિપાંચમે વહેલી સવારે ગંગા અવતરણ આરતી બાદ પાળિયાદના મહંત દ્વારા ત્રિનેત્રેશ્વર મહાદેવને બાવન ગજની ધજા ચડાવવામાં આવે છે. આ દિવસે મંદિરની ત્રણ દિશાઓમાં આવેલા કુંડમાં નાહવાનું અનેરૂ મહાત્મ્ય છે. સાંજે ગંગા વિદાય આરતી થાય છે. આ વર્ષે તરણેતર મેળો ૦૬ સપ્ટેમ્બરથી ૦૯ સપ્ટેમ્બર, ૨૦૨૪ દરમિયાન યોજાશે. પ્રાગ ઐતિહાસિક કાળમાં સૌરાષ્ટ્ર વિસ્તાર "દ્વિપકલ્પ" તરીકે ઓળખાતો હતો. એ વખતે ધીરે-ધીરે જે જમીન સમુદ્રમાંથી સૌથી પહેલા બહાર નીકળી અને હજારો વર્ષ કે લાખો વર્ષ સુધી ટકી રહી. એ જે ટોચનો વિસ્તાર છે તે, સૌરાષ્ટ્રનો "પાંચાળ" વિસ્તાર છે. પાંચાળનો ઘેરાવો બહુ મોટો નથી, પણ એનું સાંસ્કૃતિક, ઐતિહાસિક, ધાર્મિક સંદર્ભમાં બહુ મોટુ મહત્ત્વ છે. સ્કંદપુરાણમાં એવો ઉલ્લેખ છે કે, ભગવાન વિષ્ણુએ શિવજીને પ્રસન્ન કરવા માટે આ ભૂમિ પર તપસ્યા કરી હતી. ભગવાન શિવને પ્રસન્ન કરવા માટે શ્રી વિષ્ણુએ ૧૦૦૧ કમળ ચડાવવાના હતા. મૂર્તિ ઉપર ૧૦૦૦ કમળ થઈ ગયા અને છેલ્લું ૧ કમળ ખૂટ્યું ત્યારે તેમણે પોતાનું જમણું નેત્ર શિવજી ઉપર ચડાવ્યું ત્યારે ભગવાન શંકર લીંગમાંથી પ્રગટ થયાં અને નેત્ર લઈને પોતાના કપાળે લગાવી દીધું. ત્યારથી તેઓ ત્રિનેત્રેશ્ર્વર મહાદેવ કહેવાયા. આથી આ પવિત્ર સ્થાનનું નામ ત્રિનેત્રેશ્ર્વર પડ્યું. તેના પરથી અપભ્રંશ થતાં ગામનું નામ "તરણેતર" પડ્યું. વાયકા મુજબ, બીજી વખત કણ્વ મુનિનાં ભક્તિનાં પ્રભાવથી શિવલીંગમાંથી ભોળાનાથ પ્રકટ થયા. જેમને પાંચમુખ, દશભૂજા અને ત્રણ નેત્ર હતા. તે શિવની મૂર્તિ આજે પણ ત્રિનેત્રેશ્ર્વર મંદિરમાં સ્થાપિત છે. પાંચાળ એટલે પૌરાણિક કથાઓનું ઘર. પૌરાણિક કથા અનુસાર, આ મેળો પ્રાચીનકાળથી અહીં ભરાય છે. તેની ઉત્પત્તિ દ્રૌપદીના સ્વયંવરની કથા સાથે જોડાયેલી છે. દ્રૌપદીનો સ્વયંવર આ જ સ્થાને યોજાયો હતો.

આ કુંડનાં પાણીમાં પ્રતિબિંબ જોઈ મહાન તીરંદાજ અર્જુને માછલીની આંખ વીંધવાનું મુશ્કેલ કાર્ય માત્ર પાણીમાં તેના પ્રતિબિંબને જોઈને કર્યું હતું. આ પરાક્રમ દ્વારા દ્રૌપદીને પામીને વિવાહ કર્યા હતા. દ્રૌપદી એટલે કે પાંચાલીના નામે આ ભૂમિ "પાંચાલભૂમિ" તરીકે ઓળખાયાની લોકવાયકા પણ છે. સૌરાષ્ટ્રની જે શૂરવીર જાતિઓ બહારથી સ્થળાંતર થઈને આવી તે સૌ પહેલાં પાંચાળમાં આવી અને પછી સૌરાષ્ટ્રના જુદા-જુદા વિસ્તારોમાં જઈ વસવાટ કર્યો. પ્રાગૈતિહાસિક કાળથી આ વિસ્તાર માલધારીઓનો વસવાટ રહ્યો છે. માલધારીઓનું જીવન એ સંપૂર્ણ લોકજીવન છે. એમની લોકસંસ્કૃતિ, અસ્મિતા એમણે પરંપરાથી જ ટકાવી રાખી છે. તેનું દર્શન પાંચાળમાં થાય છે. પાંચાળ ભૂમિની તળપદા કોળી જ્ઞાતિમાં આ મેળાનું સૌથી વધુ મહત્ત્વ છે. એક તરણેતરનો મેળો જાય, કે તરત જ બીજા મેળાની તૈયારી શરૂ થઈ જાય. પહેલાના સમયમાં બળદ માટેના શણગાર અને અમુક અમુક ગામના બળદગાડા વખણાતા હતા. તરણેતરનાં મેળામાં રંગબેરંગી ભરત ભરેલ, મોતી, બટનીયાં, આભલાં અને ફૂમતા- રૂમાલથી શણગારેલી છત્રીઓ પણ આકર્ષણનું કેન્દ્ર હોય છે. દરેક ગામના બળદગાડાના અલગ અલગ ઉતારા હોય છે. એ ઉતારામાં લોકો ત્રણ દિવસ સુધી રોકાય છે. એક દંતકથા મુજબ, પાંચ ઋષિઓએ અહીં નિવાસ કર્યો અને પોતાના આશ્રમો બનાવ્યા. જે ભૂમિને પવિત્ર માનીને પોતાનું ઘર બનાવ્યું તેવા વિસ્તારમાં અસંખ્ય દેવ-દેવતાઓના વાસ છે. ભગવાન ત્રિનેત્રેશ્વર મહાદેવના મંદિરની ફરતે બનાવેલા કુંડમાં પાંચ ઋષિઓએ ભેગા થઈ ગંગાજીને અવતરણ માટે આહવાન કરી ગંગાજીનું પ્રાગટ્ય કરાવ્યું હતું. તેની પાછળનો ઉદ્દેશ કદાચ તે હોઈ શકે કે આ પાંચાળ વિસ્તારનાં લોકો કદાચ ગંગાજી સુધી હરિદ્વાર કે ઋષિકેશ ન જઈ શકે તો અહીં જ ગંગાજીના અવતરણને નિમિત્ત બનાવ્યું હતું. લોકો પોતાના પિતૃઓનું અસ્થિ વિસર્જન વગેરે જેવા ધાર્મિક કાર્યો કરવા માટે મહર્ષિપંચમીના દિવસે તરણેતર આવતા થયા, તે રીતે ઐતિહાસિક રીતે મેળાની કદાચ શરૂઆત થઈ હોય એવું અનુમાન છે. મેળો એટલે હળવા મળવા માટે પરંપરાગત રિવાજ મુજબ નિયત કરેલા સ્થળે ભેગા થવું. ધર્મની ધજા ફરકાવતા ધાર્મિક સ્થળોએ માનવ મહેરામણ એકઠો થાય છે. મેળાઓ પાછળ જીવનની ઉન્નત અને પરિપૂર્ણ ભાવનાઓનો સાક્ષાત્કાર કરાવવાનો તથા જીવનને આનંદથી માણવાનો હેતુ હોય છે. તો ચાલો, તૈયાર થઈ જાઓ પુરાતન પાંચાળની સોડમને માણવા...

# શનિવારે બ્રહ્મયોગમાં ગણેશ ચોથ ગણેશ ઉત્સવનો પ્રારંભ

ભાદરવા શુદ ચોથને શનિવારે ૭ સપ્ટેમ્બરના દિવસે ગણેશ ચોથ છે. આ દિવસે ચિત્રા નક્ષત્ર પણ શુભ છે. તે ઉપરાંત બ્રહ્મયોગ આખો દિવસ તથા રાત્રીના ૧૧:૧૬ સુધી છે. રવિયોગ બપોરે ૧૨:૩૫ સુધી છે. સિદ્ધિ યોગ બપોરે ૧૨:૩૫થી આખો દિવસ રાત્રી છે. સ્થિર યોગ પણ બપોરે ૧૨:૩૫થી છે. આમ આ વર્ષે ગણેશ ચોથ અને ગણપતી ઉત્સવ ઉત્તમ ફળ આપનાર બનશે. ગણપતિ ઉત્સવ દરમ્યાન દર વર્ષે ક્ષય તીથી અથવા તો વૃદ્ધિ તિથિ આવતી હોય છે પરંતુ આ વર્ષે ગણપતિ ઉત્સવ દરમ્યાન ક્ષય તીથી અને વૃદ્ધિ તિથિ નથી આથી ગણપતિ ઉત્સવ પુરા ૧૧ દિવસ ચાલશે ગણપતિ ઉત્સવ ૭ સપ્ટેમ્બર શનિવારે શરૂ થશે અને ૧૭ સપ્ટેમ્બર મંગળવારે ગણપતિ વિસર્જન છે ત્યારે પૂર્ણ થશે. ગણપતી દાદાને રિધ્ધી સિધ્ધિ અને લક્ષ લાભના દેવતા હોવાથી ગણપતિ દાદા રિધ્ધી-સિધ્ધી અને લક્ષ-લાભ સાથે લઈને આવે છે. આમ ગણપતિ દાદા પોતે જ શુભ મુહૂર્ત સાથે જ આવે છે આથી ગણપતી દાદાની સ્થાપના કોઈપણ મુહુર્ત જોવાની જરૂર રહેતી નથી. સ્થાપના માટે આખો દિવસ શુભ ગણાય છે. ગણપતી દાદાની સ્થાપના બાજોઠ ઉપર લાલ વસ્ત્ર પાથરી અને ઘઉંની ઢગલી કરી તેનાં ઉપર ગણપતિ દાદાને પધરાવવા બાજુમાં એક ત્રાંબાનો કળશ અથવા લોટો રાખવો તેમાં જળ ભરી અબીલ, ગુલાલ, કંકુ, સોપારી, રૂપિયો પધરાવી આસોપાલવના પાંચ પાન પધરાવી શ્રીફળ પધરાવું. ગણપતિ દાદાને ચાંદલો ચોખા કરી વસ્ત્ર જનોઈ અર્પણ કરવા દાદાને લાલ ફુલ અથવા ગુલાબ અને લાલ કરેણ અર્પણ કરવું ઉત્તમ છે. સાથે ધ્રોકડ ચડાવી અગરબત્તીનો ધૂપ અર્પણ કરવો. ગણપતી દાદાને ગોળના બનેલા ચુરમાનાં લાડુ વધારે પ્રિય છે. લાડુ ધરવા આરતી કરી પ્રાર્થના કરવી એક વાતનું ખાસ ધ્યાન રાખવું કે ગણપતિ દાદાને તુલસી વર્જ્ય છે આથી તુલસી ચડાવવા નહીં.

### ગણપતી દાદાની ઉપાસના

આ દશ દિવસ દરમ્યાન ગણપતી દાદાનાં ૧૨ નામ બોલવા (૧) સુમુખ, (૨) એક દન્ત, (૩) કપીલલો, (૪) ગજકર્ણકઃ, (૫) લંમ્બોદર, (૬) વિકટો, (૭) વિઘ્નનાશો, (૮) ગણાધિપઃ, (૯) ધુમ્રકેતુ, (૧૦) ગણાધ્યક્ષો, (૧૧) ભાલચંદ્રો, (૧૨) ગજાનનઃ આ ૧૨ નામ દરરોજ બોલવાથી જીવનમાં શાંતિ મળેછે. તે ઉપરાંત કોઈપણ જાતનું સંકટ હોય તો દરરોજ સંકટનાશક સ્ત્રોનાં ૨૧ અથવા ૫૧ પાઠ કરવા ખાસ કરીને ગણેશ ઉત્સવ સ્થાપના દરમ્યાન કરવા. તે ઉપરાંત ગણપતી અર્થવશીર્ષના પાઠ પણ કરી શકાય છે. જે લોકોને પોતાના ઘરનું રહેવાનું મકાન નથી તો તેઓએ પણ ગણેશ ઉત્સવ દરમ્યાન ગણપતિ ઉપાસના તુરંત ફળદાય બને છે તે ઉપરાંત વિદ્યા પ્રાપ્તિ માટે પણ ગણપતિ ઉપાસના ફળદાય ગણાય છે. ભાદરવા શુદ ગણેશ ચોથનાં દિવસે ચંદ્ર દર્શન કરવા નહી, ચંદ્રને ગણપતી દાદાનો શ્રાપ હોવાથી આ દિવસે ચંદ્ર દર્શન કરવા અશુભ ગણાય છે. આ સિવાય આવતી દરેક ચોથના દિવસે ચંદ્ર દર્શન કરી શકાય છે.

**- શાસ્ત્રી રાજદીપ જોષી**
**(વેદાંત રત્ન)**

# દુંદાળા દેવને આવકારવા ખંભાળિયાવાસીઓમાં અનેરો થનગનાટ

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૫

વિઘ્નહર્તા દેવ ગણેશજીના મહાપર્વ ગણેશ ચતુર્થી નિમિત્તે ખંભાળિયા સહિત આસપાસના વિસ્તારોમાં ગણપતિ સ્થાપન તેમજ દર્શન અને પૂજન-અર્ચના વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે. ખંભાળિયાના પોસ વિસ્તાર નવાપરા શેરી નંબર ૧ ખાતે છેલ્લા ૧૩ વર્ષથી ગણેશોત્સવના વિવિધ કાર્યક્રમો યોજવામાં આવે છે. દર વર્ષની જેમ આ વર્ષે પણ નવાપરા યુવક મંડળ દ્વારા રામદેવપીરના મંદિર (નવાપરા) ખાતે તારીખ ૭ થી તારીખ ૧૭ સપ્ટેમ્બર સુધી ૧૧ દિવસના ગણપતિ સ્થાપનનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. જેમાં દરરોજ સવારે ૯ વાગ્યે તથા રાત્રે ૯ વાગ્યે મહા આરતી ના આયોજનો વચ્ચે શુક્રવાર તા. ૧૩ ના રોજ રાત્રે ગાયત્રી ગરબા મંડળના ઉપક્રમે અહીં શ્રીનાથજીની ઝાખી રવિવાર તા. ૧૫ ના રોજ અમરનાથ બાબાની ગુફાના દર્શન તેમજ બુધવાર તા. ૧૧ ના રોજ નંદ રાત્રે ૧૦ વાગ્યે નંદ મહોત્સવના વિવિધ કાર્યક્રમો યોજવામાં આવી રહ્યા છે. આ સાથે અહીંના રહેણાંક વિસ્તાર એવા રામનાથ સોસાયટી ખાતે દર વર્ષની જેમ આ વખતે પણ "રામનાથના રાજા" ગણપતિને પાંચ દિવસ સ્થાપિત કરવામાં આવશે. અહીંના રામનાથ સોસાયટીમાં બથીયા ચોક, મેઈન રોડ ખાતે યોજવામાં આવેલા ગણેશ ઉત્સવમાં "રામનાથના રાજા" ગણપતિ સ્થાપન નિમિત્તે તા. ૭ ના રોજ સ્થાપન વિધિ, તારીખ ૯ ના રોજ ફ્રુટનો અન્નકૂટ, રાત્રે ૮ વાગે શ્રીનાથજીની ઝાખી, મંગળવાર તા. ૧૦ ના રોજ અન્નકૂટ દર્શન તેમજ બુધવાર તારીખ ૧૧ મીના રોજ બપોરે વિસર્જન યાત્રા સહિતના વિવિધ કાર્યક્રમો વચ્ચે દરરોજ સવારે તથા સાંજે પૂજા-આરતી કરવામાં આવશે. જે માટે રામનાથ સોસાયટી મિત્ર મંડળ સહિતના કાર્યકરો દ્વારા જહેમત ઉઠાવવામાં આવી રહી છે. ખંભાળિયામાં ગાડીત પાડા વિસ્તારમાં પણ ગણેશોત્સવના વિવિધ કાર્યક્રમો યોજવામાં આવ્યા છે. જેમાં શનિવાર તા. ૭ ના રોજ સવારે ૭ વાગ્યે અત્રે જુની લોહાણા મહાજન વાડી દતાણી, જે.જે. હોલ ખાતે ગણેશ સ્થાપના, તા. ૮ ના રોજ સાંજે ૭ વાગે અન્નકૂટ દર્શન તેમજ સોમવાર તા. ૯ ના રોજ સાંજે ૪ થી ૭ દરમ્યાન રાસોત્સવ બાદ ગણપતિ વિસર્જન સહિતના વિવિધ કાર્યક્રમોમાં સહભાગી થવા ગાડીત પાડા યુવક મંડળ ગણેશ ઉત્સવ પરિવાર દ્વારા અપીલ કરવામાં આવી છે. આ સાથે અહીંના બેઠક રોડ, સ્ટેશન રોડ, લુહાર શાળ, વિગેરે વિસ્તારો તેમજ સલાયા સહિતના ગામોમાં પણ ગણપતિ સ્થાપનના વિવિધ કાર્યક્રમો યોજવામાં આવ્યા છે. અનેક ભક્તો દ્વારા પોતાના ઘરે પણ ત્રણ દિવસ, પાંચ દિવસ વિગેરે આસ્થા મુજબ ગણપતિ સ્થાપન કરવામાં આવશે. જેમાં ભક્તિભાવ પૂર્વક પૂજન-અર્ચન કરવામાં આવશે.

# ખંભાળિયામાં ભૂરાટા થયેલા આખલાનો આતંક સ્કૂટર ઉપર જતા ચાલકને અડફેટે લીધો



(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૫

ખંભાળિયા શહેરમાં છેલ્લા ઘણા સમયથી રસ્તે રઝળતા ગૌવંશને નાથવા તંત્ર સંપૂર્ણપણે નિષ્ફળ નીકળ્યું છે. ત્યારે શહેરના પોસ વિસ્તારમાં રખડતા આખલાનો શિકાર બનેલા એક મોટરસાયકલ ચાલકના ધ્રુજાવી દેતા સીસી ટીવી ફૂટેજ શહેરીજનોની ચિંતામાં વધારો કરી દીધો છે. ખંભાળિયાના ટ્રાફિકથી વ્યસ્ત એવા શારદા સિનેમા રોડ ઉપર મંગળવારે સાંજના સમયે એક મોટરસાયકલ ઉપર એક યુવાન જઈ રહ્યા હતા, ત્યારે સામેથી માતેલા સાંઢની જેમ આવી રહેલા એક આખલાએ જાણે આ મોટરસાયકલ ચાલક ઉપર જ હુમલો કરવો હોય, તેવી દોટ મુકતા મોટરસાયકલ સાથે ચાલક ફંગોળાઈ ગયા હતા અને કણસતી હાલતમાં તેમણે દેકારો કરી મુકતા આ વિસ્તારમાંથી પસાર થતા વાહન ચાલકોએ તેમના વાહનો થંભાવીને આ ઘવાયેલા મોટરસાયકલ ચાલકની મદદ કરી હતી. તેમને કળ વળતા એક રિક્ષામાં બેસાડીને તેને હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. આ સમગ્ર બનાવ સી.સી. ટી.વી. કેમેરામાં કેદ થઈ ગયો છે. ત્યારે ખંભાળિયાના નગરજનોને બેફામ બની ગયેલા આવા ઢોરના ત્રાસથી ક્યારે મુક્તિ મળશે તેવા સવાલો સાથે તંત્ર દ્વારા નક્કર કામગીરી કરવા બાબતે લોકોની મીટ મંડાઈ છે.

# ખંભાળિયા, ગોઈંજ ગામમાં જુગાર રમતા ૧૩ શખ્સો ઝડપાયા : મુદ્દામાલ કબજે



(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૫

ખંભાળિયા નજીકના ગોઈંજ ગામની સીમમાં અહીંના ડીવાયએસપી ડો. હાર્દિક પ્રજાપતિની સૂચના મુજબ તેમના સ્ટાફ દ્વારા હાથ ધરવામાં આવેલા પેટ્રોલિંગ દરમિયાન એ.એસ.આઈ. શક્તિરાજસિંહ જાડેજા તથા સુખદેવસિંહ જાડેજાને મળેલી ચોક્કસ બાતમીના આધારે રાજુ ડાવા સંધીયા અને સામરા દાવા સંધીયા નામના બે શખ્સો દ્વારા પોતાની માલિકીના કબજા ભોગવટાના રહેણાંક મકાનમાં જુગારનો અખાડો ચલાવવામાં આવતો હોવાથી અહીં પોલીસ સ્ટાફે દરોડો પાડ્યો હતો. જ્યાં ઉપરોક્ત બંને શખ્સો દ્વારા જુગારીઓને જુગાર રમવા માટેની સુખ-સુવિધાઓ પૂરી પાડીને તેની બદલામાં નાલના પૈસા ઉઘરાવી ચાલતા આ જુગારધામમાંથી પોલીસે ગઢવી રાજેશ ડાવા સંધીયા, સામરા દાવા સંધીયા, જીવણ પુના સંધીયા, નાથા પ્રભુદાસ સોમૈયા, દિલીપ નારણ લાધવા, રાજેશ માયા મશુરા, કરણસિંહ નવલસિંહ જાડેજા, વિક્રમસિંહ પથુભા જાડેજા અને યશપાલસિંહ યુવરાજસિંહ જાડેજા નામના નવ શખ્સોને તીનપત્તીનો જુગાર રમતા ઝડપી લીધા હતા. ઝડપાયેલા આ શખ્સો પાસેથી પોલીસે રૂપિયા ૩૨,૪૦૦ રોકડા કબજે લઈ અને આ અંગે સલાયા મરીન પોલીસ મથકમાં જુગારધારાની કલમ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે. ખંભાળિયા નજીકના ભટગામ ખાતેથી પોલીસે જાહેરમાં રોન પોલીસ નામનો જુગાર રમી રહેલા અજા ગગુ કારીયા, દેવા ભારા કારીયા, નારણ સોમા પરમાર અને દિનેશ મેઘા પરમાર નામના ચાર શખ્સોને ઝડપી લઈ, રૂા.૪,૦૨૦ નો મુદ્દામાલ કબજે કર્યો હતો.

# માંગરોળના કામનાથ મહાદેવ મંદિરે શ્રાવણ માસના છેલ્લા સોમવારે અનેરો શણગાર કરાયો




(નિલેશ રાજપરા દ્વારા)

માંગરોળ તા.૫

માંગરોળથી ૭ કિ.મિ. દુર આવેલું કામનાથ મહાદેવનું મંદીર સદીઓ જુનું છે. નોળી નદીના નાથ તરીકે જાણીતા આ મંદીર સાથે અનેક લોકવાયકા જોડાયેલી છે. અત્યંત પૌરાણિક અને પંથકના લોકોની આસ્થાના કેન્દ્ર સમાન આ મંદીરે શ્રાવણ માસના છેલ્લા સોમવારે રાત્રીના ૧૨ વાગ્યાની મહાઆરતી માટે શિવલિંગને અનેરો શણગાર કરાયો હતો. અહીં ત્રણ દિવસ યોજાયેલા મેળામાં બહોળી સંખ્યામાં લોકો ઉમટી પડ્યા હતા. લાંબી લાઈનોમાં ઊભા રહી ભાવિકો, શ્રધ્ધાળુઓએ મહાદેવના દર્શન કરી ધન્યતા અનુભવી હતી.

# ખંભાળિયાના મીની તરણેતર જેવા શિરેશ્વર લોકમેળાનો આવતીકાલથી થશે ભવ્ય પ્રારંભ

જામ ખંભાળિયા, તા.૫ :

ખંભાળિયાના શક્તિનગર ગ્રામ પંચાયત વિસ્તારમાં આવેલા શ્રી શિરેશ્વર મહાદેવ મંદિરના વિશાળ પટાંગણમાં શુક્રવાર તા. ૬ થી તા. ૯ સુધી ચાર દિવસ "રખ પાંચમ"ના લોકમેળાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. મીની તરણેતર જેવી જ્ઞાતિ પામેલા શિરેશ્વરના આ




## મનોરંજનના સાધનો, ખાણીપીણી વિગેરે આકર્ષણનું મુખ્ય કેન્દ્ર

[redacted] ોજન માટે ગ્રામ ...સરપંચ પૂનમબેન ...કુમ, ઉપસરપંચ ...સિંહ જાડેજા, તલાટી ...ડી. વીંઝોડા તેમજ ...રા નોંધપાત્ર જહેમત ...વી રહી છે. સાથે સાથે ... મન ભરીને માણવા ...અનેરો ઉત્સાહ જોવા

ચાર દિવસના આ લોકો મેળામાં આશરે દોઢ-બે લાખ સુધીની જન્મદિનની મેળાની મોજ માણવા ઉમટી પડવાની સંભાવના છે ત્યારે લોકમેળામાં નિયમોની અમલવારી તેમજ એસ.ઓ.પી.ના પાલન માટે જિલ્લા પ્રશાસન તેમજ પોલીસ તંત્ર દ્વારા જરૂરી કાર્યવાહી કરવામાં આવી હતી.

# દ્વારકા નજીક ખાનગી કંપનીના પ્રતિબંધિત પ્લાન્ટમાં અનધિકૃત [redacted]

### અવસાન નોંધ

જૂનાગઢ : રશ્મિકાંતભાઈ રાડિયા તે સ્વ.ચંદ્રકાં[redacted] સ્વ.નાથાભાઈ સાગલાણીના બનેવીનું સિકંદરાબાદ ખાતે અ[redacted] છે. તેમની પિયરપક્ષની સાદડી તા.૫ ના રોજ સાંજે ૪:૩[redacted] કલાકે જાગનાથ મહાદેવ મંદિર ડોમમાં રાખેલ છે.

મેંદરડા : જૂનાગઢ નિવાસી સ્વ.ઈશ્વરદાસ વિશ્નુદા[redacted] તા.૧-૯-૨૦૨૪ને સોમવારના રોજ દુઃખદ અવસાન થયેલ [redacted] જમાઈ દિનેશભાઈ ઘેલારામભાઈ કુબાવત(નથવા[redacted] પુજારી)તેમજ કિશનના બનેવીનું બેસણું મેંદરડા ખાતે ત[redacted] શુક્રવારના રોજ સાંજે ૪ થી ૬ નથવાણી કોમ્યુનીટી હોલ, [redacted] મેંદરડા ખાતે રાખેલ છે.


C M Y K

# આત્મા પ્રોજેક્ટ દ્વારા પ્રાકૃતિક કૃષિ વિષયે કિસાન ગોષ્ઠી કાર્યક્રમ યોજાયો




જૂનાગઢ, તા.૫

રાજ્યના ખેડૂતોને પ્રાકૃતિક કૃષિની માહિતી અને માર્ગદર્શન આપવા આત્મા પ્રોજેક્ટના વિવિધ માધ્યમો દ્વારા કાર્ય કરી રહ્યુ છે. પ્રાકૃતિક કૃષિ અંતર્ગત આત્મા પ્રોજેક્ટ જૂનાગઢ દ્વારા માણાવદર તાલુકાના ગળવાવ ગામ, વિસાવદર તાલુકાના નવાણીયા ગામ તથા જૂનાગઢ તાલુકાના નવાપીપળીયા ખાતે પ્રાકૃતિક કૃષિ અન્વયે કિસાન ગોષ્ઠીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પ્રાકૃતિક કૃષિની આપણે કેમ જરૂર પડી અને તેનાથી થતા ફાયદા બાબતે ઉપસ્થિત ખેડૂતોને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. પ્રાકૃતિક કૃષિ ખરીફ પાકોમાં શા માટે આજના સમયની જરૂરિયાત છે, જમીનની ફળદ્રુપતામાં પ્રાકૃતિક કૃષિનો ફાળો, જમીનમાં ઓર્ગેનિક કાર્બન વધારવાનાં ઉપાયો, પર્યાવરણનું જતન, ઉપરાંત દેશી ગાયના છાણ અને ગૌમુત્ર દ્વારા જીવામૃત, ઘન જીવામૃત બનાવવાની પદ્ધતિ તથા તેની ઉપયોગીતા અને ફાયદાઓ વિશે નું માર્ગદર્શન આપવામા આવ્યુ હતું. આ કાર્યક્રમમાં આત્મા પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી દિપક રાઠોડ, ડેપ્યુટી પ્રોજેક્ટ ડાયરેક્ટર એસ.કે.પરમાર તથા કૃષિ યુનિવર્સિટી જૂનાગઢનાં વૈજ્ઞાનિકશ્રીઓ હાજર રહી ખેડૂતોને યોગ્ય માર્ગદર્શન આપ્યું હતું અને ખેડૂતો સૌથી વધારેને વધારે પ્રાકૃતિક કૃષિ કરે અને આપણા એક સ્વસ્થ સમાજનું નિર્માણ કરે તે બાબતે જણાવ્યું હતું.

# ચોમાસાની ઋતુમાં વિભાગીય કાર્યોની સમિક્ષા બેઠક યોજાઇ



જૂનાગઢ, તા. ૫

હાલ ચોમાસાની સીઝન દરમ્યાન જૂનાગઢ જિલ્લામાં ભારે વરસાદના કારણે જિલ્લા વહીવટીતંત્ર દ્વારા થતી કામગીરી અંગે કલેકટર અનિલકુમાર રાણાવસિયાના અધ્યક્ષસ્થાને સમિક્ષા બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં જુદા-જુદા વિભાગો દ્વારા ચોમાસા દરમિયાન કરવામાં આવેલી કામગીરી અંગે સમીક્ષા કરવામાં આવી હતી, ઉપરાંત આવનારા સમયને અનુલક્ષીને જુદા-જુદા વિભાગના અધિકારીઓ સાથે ચર્ચા કરી, તેમના મંતવ્ય સાંભળી ભવિષ્યમાં ચોમાસા દરમિયાન થતા પ્રશ્નો સરળતાથી નિવારી શકાય તે માટે ચર્ચા કરવામાં આવી હતી. જેમાં જૂનાગઢ શહેર તેમજ દરેક તાલુકામાં થતા જુદા જુદા પ્રશ્નોનોનુ નિવારણ ઝડપથી થઈ શકે અને લોકોને અગવડતા ન પડે તે માટે સૂચનો કરવામાં આવ્યા હતા.

ઉપરાંત આ બેઠકમાં ચોમાસા સીઝન દરમ્યાન ભારે વરસાદના સમયે ઉમદા કામગીરી કરનાર કર્મયોગીઓનું કલેકટર અનિલકુમાર રાણાવસિયા દ્વારા પ્રમાણપત્રનું વિતરણ કરવામાં આવ્યું હતું. બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી નીતિન સાંગવાન, નિવાસી અધિક કલેકટર એન.એફ.ચૌધરી ઉપરાંત સંબંધિત અધિકારીઓ હાજર રહ્યા હતા.

# જીલ્લા કલેકટર દિગ્વિજયસિંહ જાડેજાના અધ્યક્ષસ્થાને ધોકડવા ગામે રાત્રીસભા યોજાઈ

## કલેકટરે ગ્રામજનોની રજૂઆતો ધ્યાને લઈ સંબંધિત વિભાગના અધિકારીશ્રીઓને હકારાત્મક ઉકેલ માટે સૂચનાઓ આપી





ગીર સોમનાથ, તા.૫

ગીર સોમનાથ જિલ્લા વહિવટી તંત્ર ગ્રામજનોના દ્વાર સુધી પહોંચી તેમના વિવિધ પ્રશ્નોનું નિરાકરણ આવે તે દિશામાં કાર્ય કરી રહ્યું છે. જિલ્લા કલેકટર દિગ્વિજયસિંહ જાડેજાનાં અધ્યક્ષસ્થાને ગીરગઢડા તાલુકાના ધોકડવા ગામની આહીર સમાજની વાડી ખાતે રાત્રીસભા યોજાઈ હતી. કલેકટરશ્રીએ રાત્રીસભામાં ગ્રામજનોના ગૌચર દબાણ, રોડ-રસ્તા, પાણી, જર્જરિત ટાકો, પંચાયત ઘર, બસ સ્ટેન્ડ, આંગણવાડી,પીજીવીસીએલ સહિતના વિવિધ પ્રશ્નો સાંભળ્યા હતાં અને ઉકેલ લાવવા જણાવ્યું હતું. કલેક્ટરે જણાવ્યું હતું કે, નાગરીકોને પડતી મુશ્કેલીઓ અને ગૌચર, ગંદકી સહિતના પ્રશ્નોની રજૂઆતો પર પૂરતું ધ્યાન આપી તેનું હકારાત્મક નિરાકરણ આવે તે દિશામાં જિલ્લા વહીવટી તંત્ર કાર્ય કરી રહ્યું છે. ગામ લોકોની મળેલી રજૂઆતો બાબતે કલેકટરશ્રીએ ગામનો વિકાસ થાય તે દિશામાં પારદર્શક રીતે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા કાર્ય કરવામાં આવશે તેમજ ગ્રામજનો પણ સંકલન રાખીને ગામનો વિકાસ થાય તે દિશામાં કાર્ય માટે તંત્રને સહયોગ આપે તેમ વધુમાં ઉમેર્યું હતું. રાત્રી સભા પૂર્ણ થયા બાદ સ્થળ પર જ જિલ્લા કલેક્ટર દ્વારા ગ્રામજનોની રજૂઆતોનો ઉકેલ ત્વરિત રીતે આવે તે માટે અધિકારીઓ સાથે બેઠક કરીને સંબંધિત વિભાગને કાર્યવાહી કરવા અંગે સૂચના આપવામાં આવી હતી. આ રાત્રી સભામાં જિલ્લા પંચાયત પ્રમુખ મંજુલાબેન મુછાર, ઉના ધારાસભ્ય કે.સી.રાઠોડ, ગીર ગઢડા તાલુકા પંચાયત પ્રમુખ ભગવતીબેન સાંખટ, જિલ્લા વિકાસ અધિકારી સ્નેહલ ભાપરકર, અધિક નિવાસી કલેક્ટર ભાઈ આલ, ઉના પ્રાંત અધિકારી ચિરાગ હિરવાણીયા, ગીરગઢડા મામલતદાર ગૌતમભાઈ વાળા સહિતના સંબંધની વિભાગના અધિકારીઓ ગ્રામજનો ઉપસ્થિત રહ્યાં હતાં.

# જીલ્લા પંચાયત પ્રમુખ મંજુલાબેન મુછારનાં હસ્તે ધોકડવા ગામે નવનિર્મિત આંગણવાડી કેન્દ્રનું લોકાર્પણ

## નવનિર્મિત બનેલી આંગણવાડીઓમાં ખીલી ઉઠશે બાળકોનો ખિલખિલાટ





ગીર સોમનાથ, તા.૫

ગીર સોનાથ જિલ્લા પંચાયત પ્રમુખ મંજુલાબેન મુછારનાં હસ્તે ગીર ગઢડા તાલુકાના ધોકડવા ગામમાં બે આંગણવાડી કેન્દ્રનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

જિલ્લા પંચાયત પ્રમુખે ધોકડવા ગામનાં રણુજા વિસ્તારમાં આંગણવાડી કેન્દ્ર-૨ અને નદીનાં સામાં કાઠા વિસ્તારમાં આંગણવાડી કેન્દ્ર-૧નું મનરેગા હેઠળ રૂા.૧૪ લાખ જેટલા ખર્ચે તૈયાર કરવામાં આવેલી નવનિર્મિત આંગણવાડી કેન્દ્રનું લોકાર્પણ કરીને આંગણવાડીની વ્યવસ્થાઓ સહિતની ઝીણવટભરી માહિતી મેળવી હતી. જિલ્લા કલેકટર દિગ્વિજયસિંહ જાડેજાએ આંગણવાડીના નિર્માણ અને વ્યવસ્થાઓ અંગે રાજીપો વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, આંગણવાડી કેન્દ્રમાં વધુમાં વધુ બાળકો લાભ લે અને તેની યોગ્ય જાળવણી થાય તેમ વધુમાં ઉમેર્યું હતું.

આ તકે ઉના ધારાસભ્ય કે.સી.રાઠોડ, જિલ્લા વિકાસ અધિકારી સ્નેહલ ભાપકર, અધિક નિવાસી કલેકટર રાજેશભાઈ આલ, આઈસીડીએસનાં પોગ્રામ ઓફિસર રાજશાખા, અગ્રણી ડાયાભાઈ જલોધરા, તાલુકા પંચાયત પ્રમુખ, ગામના સપંચ સહિતનાં અગ્રણીઓઓ અને પદાધિકારીઓ-અધિકારીઓ સાથે મોટી સંખ્યા ગ્રામજનો ઉપસ્થિત રહ્યાં હતાં.

# ગુજરાતી અધ્યાપકસંઘ અને ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ.ના સંયુક્ત ઉપક્રમે વિદ્યાવિસ્તાર વ્યાખ્યાન માળા યોજાઈ

## ભાષા માનવ સંસ્કૃતના વિકાસનું અનિવાર્ય ચાલક બળ છે : પ્રો.(ડો) ચેતન ત્રિવેદી





જૂનાગઢ, તા.૫

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી ખાતે આજે ગુજરાતી અધ્યાપક સંઘ અને ગુજરાતી અનુસ્નાતક ભવન ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીના સંયુક્ત ઉપક્રમે વિદ્યાવિસ્તાર વ્યાખ્યાનમાળાનું આયોજન થયું હતું. વિદ્યાર્થીઓના જ્ઞાનની ક્ષિતિજો વિકસેએ હેતુથી ગુજરાતી અધ્યાપક સંઘ વિદ્યાવિસ્તાર વ્યાખ્યામાળાનું પ્રતિવર્ષ આયોજન કરે છે. જેના ભાગરૂપે યુનિવર્સિટીના ગુજરાતી વિભાગ દ્વારા વિદ્યાવિસ્તાર વ્યાખ્યાનમાળાનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના ઉદ્‌ઘાટક ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીના કુલપતિ પ્રો.(ડો) ચેતન ત્રિવેદીએ કાર્યક્રમને દીપ પ્રાગટ્યથી પ્રારંભ કરી ઉપસ્થીત અનુસ્નાતક ભવનનાં છાત્રોને સંબોધતા જણાવ્યું હતું કે ભાષાએ માનવ સમાજનું મુખ્ય ચાલકબળ છે. ભાષા માનવસમાજ અને સંસ્કૃતિમાં મહત્વનું ચાવીરૂપ સ્થાન ધરાવે છે. બૌદ્ધિક, સાંસ્કૃતિક, આર્થિક કે સામાજિક જે કઈ વિકાસ છે તે ભાષાને આભારી છે. પ્રેરણાદાયી અને વારંવાર સાંભળવાનું મન થાય તેવા નરસિંહ મહેતા, ગંગાસતી, મીરા વિગેરેના ભજનો ભાષાને આભારી છે. માનવીએ પોતાનો જીવન વ્યવહાર ચલાવવા માટે ભાષાનો સ્વીકાર કરેલ છે. તેથી માનવ જીવન ભાષા સાથે ઘનિષ્ઠ સંબંધ ધરાવે છે. સમાજમાં દરેક વર્ગના લોકો ભાષાનાં માધ્યમથી કોઈને કોઈ રીતે પોત - પોતાના જીવન વ્યવહાર ચલાવે છે.

આ પ્રસંગે પ્રા.(ડો.) અરૂણ કક્કડે પોતાની વ્યાખ્યાન માળાના ભાગરૂપે કાવ્યાસ્વાદ અંતર્ગત ગુજરાતી ભાષા વિશે વાત કરતા જણાવ્યું હતું કે ભાષા વિના કોઈ સંસ્કૃતિ વિકસી તો ન જ શકે, ટકી પણ ન શકે. ભાષાનો સમાજવ્યવસ્થા સાથે ગાઢ સંબંધ છે. પ્રાધ્યાપક ડો.તીર્થકર્દાન રોહડીયાએ ભારતીય સભ્ય સમાજમાં ગુજરાતી ભાષાનું પ્રદાન વિષય એ વાત કરતા જણાવ્યું હતું કે વિશ્વના આજના દેશો માં ૯૦૦ જેટલી ભાષાઓ લોકો બોલે છે .વાણી વ્યવહાર કરે છે. આમાંની પ્રાચીન ભાષાઓનો ઉદ્દભવ ઈ.સ પૂર્વે ૩૫૦૦ વર્ષ પહેલાઓ માનવામાં આવે છે. ગુજરાતીએ ગુજરાત રાજ્યમાં બોલાતી મુખ્ય ભાષા છે. આ નામ "ગુર્જર કે ગુજર" લોકો પરથી પડ્યું હોઇ શકે છે. ભારતની મુખ્ય ૨૨ ભાષાઓમાં ગુજરાતીનું સ્થાન છે. દુનિયામાં સૌથી વધુ બોલાતી સ્થાનિક ભાષાઓમાં ગુજરાતી ભાષા ૨૬મા ક્રમે આવે છે. દુનિયાભરમાં વસતા ૫ કરોડથી વધુ ગુજરાતીઓ ગુજરાતી ભાષા બોલે છે.

આ પ્રસંગે ઉપસ્થિત પ્રા.(ડો.)ગૌરાંગ જાનીએ મધ્યકાલીન સાહિત્ય સ્વરૂપ નો અભ્યાસ અને પદ્યવાર્તા વિષય એ વાત કરતા જણાવ્યું હતું કે માનવસંસ્કૃતિના વિકાસમાં ભાષાનુ ચાવીરૂપ સ્થાન હોય તેમ જણાય છે. ભાષા નહી હોય,ત્યારે માણસ કદાચ અન્ય માણસ સાથે કે માણસોના સમુહ સાથે હાવભાવ કે ઈશારાથી વાતચીત કે લાગણીની ની અભિવ્યક્તિ કરતો હશે.આ સમયમાં કોઈ જ્ઞાન વર્ધક ચર્ચા,સત્સંગ,સંશોધન કાર્ય,રચનાત્મક ચર્ચા વિગેરેને સ્થાન નહી હોય.જરૂરિયાત પુરતી મર્યાદિત જ વાતચીત કે લાગણી ની અભિવ્યક્તિ હશે. ભાષા મોટા લોક સમુહો સુધી પહોંચવાથી, માણસ લખતા વાંચતા, સમજતા અને અસરકારક રીતે સમજાવતા થયો. જેનાથી માનવ સંસ્કૃતિ ઝડપથી વિસ્તરી. ભાષાએ માનવસંસ્કૃતિ ના વિકાસ ના દ્વાર ખોલી નાખ્યાં.

આ પ્રસંગે અનુસ્નાતક ભવન સંયોજક પ્રો.(ડો) વિશાલ જોષી, કેમ્પસ ડાયરેક્ટર ડો. નિશીથ ધારૈયા તેમજ અનુસ્નાતક ભવનમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના પ્રારંભે ગુજરાતી અધ્યાપક સંઘના સંયોજક પ્રમુખ પ્રા.(ડો.) રમેશ મહેતાએ આમંત્રિત અતિથિઓને આવકારી વિદ્યાવિસ્તાર વ્યાખ્યાન માળાની વિગતો રજૂ કરી હતી.

ગુજરાતી અનુસ્નાતક વિદ્યાભવન ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીના પ્રા.(ડો) પારૂલ ભંડેરીએ વિદ્યાવિસ્તાર વ્યાખ્યાન માળાના આયોજનની રૂપરેખા આપતા જણાવ્યું હતું કે ભાષાને તેનો આગવો પ્રભાવ છે, વિષય અંગે અભ્યાસક્રમમાં તેના વિશે સંવેદનશીલ કેળવવાનો પ્રયાસ થયો છે. કાર્યક્રમને સફળ બનાવવા માટે ડો.સુનિલ જાદવ,ડો. બી.બી.વાઘેલા, ડો. પ્રવીણ વાઘેલા,ડો.અજય સિંહ ચૌહાણ, પ્રા.કનુભાઈ જાની, ડો.આશા ગોહિલ, ડો.વર્ષા પ્રજાપતિ, અને ગુજરાતી ભવનના કર્મયોગીઓએ જહેમત ઉઠાવી હતી.અંતે આભારદર્શન કિશોરસિંહ વાળાએ કર્યુ હતુ.

# શ્રી શારદાપીઠ કોલેજ દ્વારકા ખાતે બેડમિન્ટન સ્પર્ધા યોજાઈ

(પ્રતિનિધિ દ્વારા)



દ્વારકા, તા.૫

શ્રી શારદાપીઠ આર્ટસ કોમર્સ એન્ડ કોલેજ એજ્યુકેશન દ્વારકામાં તારીખ ૩/૯/૨૦૨૪ના રોજ ઈન્ટર ક્લાસ બેડમિન્ટન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું જેમાં ૧૫ ભાઈઓ અને ૪ બહેનોએ ભાગ લીધો હતો અને પ્રથમ દ્વિતીય અને તૃતીય ક્રમાંક પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીને કોલેજ તરફથી પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યું હતું અને પ્રથમ દ્વિતીય ક્રમાંક પ્રાપ્ત કરનાર ખેલાડી ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી દ્વારા આયોજિત આંતર કોલેજ બેડમિન્ટન સ્પર્ધામાં ભાગ લેવા માટે જશે. આ સ્પર્ધાનું સફળ આયોજન પ્રિન્સીપાલ સંદીપભાઈ વાઢેરનાં માર્ગદર્શન હેઠળ PTI ડો.હર્ષાબેન વાળાએ કરેલ અને આ સ્પર્ધાનું અયોજન સફળ બનાવવા કોલેજના તમામ સ્ટાફ મિત્રોએ ખુબજ જહેમત ઊઠાવી હતી.

# કોડીનાર નગરપાલિકા દ્વારા ફોગીંગની કામગીરી હાથ ધરાઈ

(પ્રતિનિધિ દ્વારા) કોડીનાર, તા.૫



ગીર સોમનાથ જિલ્લામાં કોડીનાર નગરપાલિકા દ્વારા વર્ષાઋતુમાં વરસાદ પડવાને કારણે રોગચાળો ન ફેલાય તે માટે શહેરની વિવિધ જગ્યાઓએ ફોગીંગની કામગીરી હાથ ધરવામાં આવી હતી. કોડીનાર શહેરના છારા જાપાથી જુના બસ સ્ટેશન મેઈન રોડ સહિતનાં વિસ્તારોમાં નગરપાલિકા દ્વારા મચ્છરજન્ય રોગચાળો ન ફેલાય તે માટે ફોગીંગની કામગીરી કરવામાં આવી હતી.

# અદાણી પોર્ટ્સના કાર્ગો હેન્ડલિંગ વોલ્યુમમાં નોંધનીય વૃદ્ધિ

અમદાવાદ, તા.૫

અદાણી પોર્ટ્સ એન્ડ સ્પેશિયલ ઈકોનોમિક ઝોન લિ.(APSEZ) સતત સફળતાના શિખરો સર કરી રહ્યું છે.ઓગસ્ટમાં અદાણી પોર્ટના કાર્ગો વોલ્યુમ હેન્ડલિંગમાં ૫ ટકાનો વધારો નોંધાયો છે.મુંદ્રા અને તુણા પોર્ટમાં ઓગસ્ટમાં૪ દિવસના હવામાનમાં ડીપ-ડિપ્રેશન કંડિશન છતાં થયેલી વૃદ્ધિ ઉડીને આંખે વળગે તેવી બાબત છે.

એકસચેન્જ ફાઈલિંગ મુજબઅદાણી પોર્ટ્સે ઓગસ્ટમાં કુલ ૩૬.૧ મિલિયન ટન કાર્ગોનું સંચાલન કર્યું હતું. જેમાં સૌથી વધુ ગ્રોથ કન્ટેનર હેન્ડલીંગમાં નોંધાયો છે.ઓગસ્ટ મહિનામાં તે ૧૧ ટકા (YoY) વૃદ્ધિ સાથે ગત વર્ષની સરખામણીએ આગળ વધ્યો હતો. ઉલ્લેખનીય છે કે, મુંદ્રા અને તુણામાં હવામાનમાં ડીપ-ડિપ્રેશન કંડિશન છતાં વોલ્યુમ હેન્ડલિંગમાં વધારો નોંધાયો છે.

નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ના પ્રથમ ૫ મહિના દરમિયાનઅદાણી પોર્ટ્સે કુલ ૧૮૨.૪ મિલિયન ટન કાર્ગોનું સંચાલન કર્યું હતું, જે વાર્ષિક ધોરણે ૭ ટકાનો વધારો દર્શાવે છે. આ વધારામાં કન્ટેનર, લીક્વીડ અને ગેસકાર્ગો હેન્ડલિંગનો સમાવેશ થાય છે.ચાલુ વર્ષે ઓગસ્ટ ૨૦૨૪માં રેલ કાર્ગો વોલ્યુમ સાથે કંપનીની લોજિસ્ટિક્સ શાખાએ પણ નોંધપાત્ર કામગીરી નોંધાવી છે. દરમ્યાન કટ્ટુપલ્લી પોર્ટે ઓગસ્ટ, ૨૦૨૪માં અત્યાર સુધીનું સૌથી વધુ માસિક કાર્ગો વોલ્યુમ હેન્ડલ કર્યું હતું. ઓગસ્ટ માસ દરમિયાન APSEZએ ૧૪ લાખ ટન કાર્ગો વોલ્યુમ હેન્ડલ કર્યું હતું. બ્લૂમબર્ગના આંકડા અનુસારઅદાણી પોર્ટસને ટ્રેક કરી રહેલા ૧૮ એક્સપર્ટ્સમાંથી ૧૬ એક્સપર્ટ્સએ 'BUY' રેટિંગ આપ્યું છે.

૩૦ ઓગસ્ટના રોજઅદાણી પોર્ટ્સે એસ્ટ્રો ઓફશોર ગ્રુપમાં ઈ૧૮૫ મિલિયનમાં ૮૦% હિસ્સો મેળવી વ્યૂહાત્મક કદમ ઉઠાવ્યો છે. આ સોદો અગ્રણી વૈશ્વિક મરીન ઓપરેટર બનવાના APSEZના ધ્યેયનેપ્રબળ બનાવશે.ઑફશોર ગ્રૂપનું મૂલ્ય ઈ૨૩૫ મિલિયનનું એન્ટરપ્રાઈઝ વેલ્યુએશન ધરાવે છે. મધ્ય પૂર્વ એશિયા, ભારત, પૂર્વ એશિયા અને આફ્રિકામાં એસ્ટ્રો ૨૬ OSV ના કાફલાની માલિકી ધરાવે છે. જેમાં એંકર હેન્ડલિંગ ટગ્સ (એએચટી), મલ્ટીપર્પઝ સપોર્ટ વેસેલ્સ (MPSV), ફ્લેટ ટોપ બાર્જ અને વર્કબોટ્સ અને જહાજ વ્યવસ્થાપનની પૂરક સેવાઓનોસમાવેશ થાય છે.

સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

## તંત્રી લેખ

# જમ્મુ-કાશ્મીરમાં રેવડીઓની લોલીપોપ

જમ્મુ-કાશ્મીર વિધાનસભા ચૂંટણી નજીક આવતાં જ રાજકીય પક્ષો તૈયારીઓમાં લાગી ગયા છે. બધા પોતાનો ચૂંટણી ઢંઢેરો જાહેર કરી રહ્યા છે. ઢંઢેરો એ દસ્તાવેજ હોય છે, જે ચૂંટણી લડનારા તમામ રાજકીય પક્ષો બહાર પાડે છે. તેમાં તેઓ જનતા સામે પોતાના વાયદા રજૂ કરે છે. તેના દ્વારા તેઓ જણાવે છે કે તેઓ ચૂંટણી જીત્યા બાદ જનતા માટે શું શું કરશે. તેમની નીતિઓ કેવી રહેશે. સરકાર કેવી રીતે ચલાવશે અને તેનાથી જનતાને કેવા ફાયદા મળશે? જોકે વાસ્તવિકતામાં ઢંઢેરો વાયદાઓનો પટારો માત્ર હોય છે. રાજકીય પક્ષ લોકોના વોટ ખેરવવા માટે મફત વીજળી, પાણી, બેરોજગારો-દૈનિક વેતનભોગી શ્રમિકો અને મહિલાઓને ભથ્થાં, સાથે સાથે ગેઝેટ જેમ કે લેપટોપ, ટીવી, સ્માર્ટફોન વગેરે આપવાની લોલીપોપ પકડાવે છે, પરંતુ તે કેટલા પૂરા થાય છે તે અલગ ચર્ચાનો વિષય છે.

જમ્મુ-કાશ્મીરનાં પૂર્વ મુખ્યમંત્રી અને પીડીપીનાં અધ્યક્ષ મેહબૂબા મુફ્તીએ ’ઓળખની રક્ષા, ભવિષ્યની રક્ષા’ શીર્ષક હેઠળ પોતાનો ચૂંટણી ઢંઢેરો બહાર પાડયો છે. તેમાં તેમણે વાયદો કર્યો છે કે પાર્ટી કલમ ૩૭૦ને ફરીથી લાગુ કરશે. સાથે જ આમ જનતાને ખુશ કરવા માટે ૨૦૦ યુનિટ મફત વીજળી, મફત પાણી, ગરીબ પરિવારોને વર્ષમાં ૧૨ ગેસ સિલિન્ડર, વૃદ્ધાવસ્થા પેન્શન, વિધવા પેન્શનને બેગણું કરવાનો વાયદો કર્યો છે. જ્યારે નેશનલ કોન્ફરન્સ પાર્ટીએ પોતાના ઢંઢેરામાં કહ્યું છે કે પાર્ટી લોકોને ૨૦૦ યુનિટ સુધી મફત વીજળી આપશે, કલમ ૩૭૦ ફરીથી બહાલ કરશે અને જમ્મુ-કાશ્મીરને રાજ્યનો દરજ્જો અપાવવાની સાથે સાથે ૨૦૦૦માં તત્કાલીન વિધાનસભા દ્વારા પસાર કરાયેલ સ્વાયત્તતા સંબંધી પ્રસ્તાવને લાગુ કરશે.

જૂન ૨૦૦૦માં ફારુક અબ્દુલ્લાના નેતૃત્વવાળી તત્કાલીન નેશનલ કોન્ફરન્સ સરકારે રાજ્યમાં ૧૯૫૩ પહેલાંની બંધારણીય સ્થિતિની બહાલીની માંગ કરતાં વિધાનસભામાં એક પ્રસ્તાવ પસાર કર્યો હતો. જોકે આ પ્રકારે જમ્મુ-કાશ્મીરના પ્રાદેશિક પક્ષો દ્વારા ૩૭૦ની પુનઃ બહાલીની વાત કરવી રાષ્ટ્રીય હિતોને અનુકૂળ નથી. જોવામાં આવે તો જમ્મુ-કાશ્મીરની આર્થિક સ્થિતિ પર્યટન ઉદ્યોગ પર ટકેલી છે અને અહીં રોજગારનું આ જ સૌથી મોટું સાધન છે. તેમ છતાં આ મહત્ત્વપૂર્ણ ક્ષેત્રની સમસ્યાઓનું આ રાજકીય પક્ષોના ઢંઢેરામાં સામેલ ન હોવું ગંભીર ચિંતાનો વિષય છે. આખરે ક્યાં સુધી પર્યટન ઉદ્યોગની અવગણના થતી રહેશે?

જોકે ચૂંટણી ઢંઢેરો જારી કરવાની પરંપરા દુનિયાના દરેક દેશમાં છે. સામાન્ય રીતે ઢંઢેરામાં આર્થિક અને સામાજિક મુદ્દા પર પાર્ટીની નીતિઓ અને કાર્યક્રમો રજૂ કરવામાં આવે છે. અમેરિકા જેવા દેશમાં ઢંઢેરામાં આર્થિક-વિદેશ નીતિ, સ્વાસ્થ્યની દેખભાળ, શાસનમાં સુધાર, પર્યાવરણ સાથે જોડાયેલ મુદ્દા અને ઈમિગ્રેશન વગેરેને સામેલ કરવામાં આવે છે. ત્યાં જ તેમાં લોકોને કોઈ પ્રકારના ખાસ લાભ આપવાની વાત નથી કરવામાં આવતી. ભારતમાં રાજકીય પક્ષ મુદ્દાઓની સાથે સાથે મફત રેવડીઓ સુદ્ધાંને પોતાના ઢંઢેરામાં સામેલ કરી દે છે. તેનો મુદ્દો સુપ્રીમ કોર્ટમાં પણ ઊઠી ચૂક્યો છે. સુપ્રીમ કોર્ટ કહી ચૂકી છે કે કોઈફણ મફત વિતરણ તમામ લોકો પર અસર કરે છે.

એવામાં નિષ્પક્ષ અને સ્વતંત્ર ચૂંટણીઓ નથી થઈ શકતી. સાથે જ દેશમાં એવી કોઈ જોગવાઈ પણ નથી જેમાં ઢંઢેરામાં કરાતા વાયદા નિયંત્રિત કરી શકાય. રાજકીય પાર્ટીઓએ આવા વાયદાથી બચવું જોઈએ, જે ચૂંટણી પ્રક્રિયાની પવિત્રતાને ઘટાડી શકે છે અથવા મતદારો પર ખોટો પ્રભાવ પાડી શકે છે. રાજકીય પક્ષોએ પોતાના ઢંઢેરામાં કરવામાં આવેલ વાયદાની જરૂરિયાત પણ જણાવવી જોઈએ. એ જ વાયદા કરવા જોઈએ જે પૂરા કરી શકાય. એ પણ જણાવવું જોઈએ કે આ વાયદા પૂરા કરવા માટે નાણાંની જરૂરિયાત કેવી રીતે પૂરી થશે?

મફતની રેવડીઓ વહેંચીને રાજકીય પક્ષો લોકોને પોતાના તરફે મદાન કરવા માટે એક પ્રકારે લાંચ આપે છે. તેનું આર્થિક પાસું એ છે કે રાજકી પક્ષ સરકારના ખર્ચા પર મતદારોને મફત રેવડીઓ આપે છે, પરંતુ શું આ જે-તે રાજ્યની આર્થિક સ્થિતિ માટે યોગ્ય છે? ગયા વર્ષે શ્રીલંકામાં ઘટેલી ઘટના તેનું ઉદાહરણ છે.

જાણકારોનું માનવું છે કે શ્રીલંકાના આર્થિક પતનનું કારણ ત્યાંના રાજકીય પક્ષો દ્વારા મતદારોને અપાયેલી મફત રેવડીઓ છે. ભારતના મોટાભાગના રાજ્યોની મજબૂત આર્થિક સ્થિતિ નથી અને રાજસ્વ મામલે સંસાધનો પણ બહુ સીમિત છે. દક્ષિણ ભારતના રાજ્યોથી શરૂ થયેલું આ દૂષણ ધીમે ધીમે ઉત્તર ભારતનાં રાજ્યોમાં પ ફેલાઈ ગયું છે. કોઈ આવક ન હોવા છતાં પણ મફતની રેવડીઓની જાહેરાત કરવી દેશના આર્થિક સ્વાસ્થ્ય માટે સારું નથી. આવકની કોઈ ઠોસ યોજના ન હોવા છતાં રાજકીય પક્ષો ભારેભરખમ જાહેરાતો કરી જનતાને છેતરવાનું કામ કરે છે. કોઈ વર્ગ વિશષને મફતની યોજનાઓ આપીને જનતા પર ટેક્સનો બોજ નાખવામાં આવે છે. મફતમાં સુવિધાઓ, ઉપહાર આપવાથી અંતે સરકારી ખજાના પર અસર પડે છે.

આ એક ખોટી પરંપરા છે. હવે આ રેવડી સંસ્કૃતિ પર ગંભીરતાથી ચિંતન કરવાનો સમય વી ગયો છે. જ્યાં સુધી પોતાના વાયદા પર ખરા ઉતરવાની કોઈ કાયદેસર બાધ્યતા નક્કી ન કરવામાં આવે, ત્યાં સુધી સુપ્રીમ કોર્ટ અને ચૂંટણી પંચે આવી જાહેરાતો કરવાથી રાજકીય પક્ષોને રોકવા જોઈએ. ચૂંટણી પ્રચાર દરમ્યાન વાયદા કરતાં રાજકીય પક્ષો દ્વારા માત્ર રાજકીય પાસા પર જ વિચાર કરવો બુદ્ધિમાની નથી. આર્થિક હિસ્સાને પણ ધ્યાનમાં રાખવો જરૂરી છે, કારણ કે અંતે બજેટીય ફાળવણી અને સંસધન સીમિત છે. મફતની રેવડીની વાત કરતી વખતે રાજનીતિની સાથે સાથે રાષ્ટ્રીય હિત અને અર્થવ્યવસ્થાને પણ ધ્યાનમાં રખવી જોઈએ.

## મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા અધિકારીઓને સૂચના અપાઈ

# રાજ્યમાં આરોગ્ય - સ્વચ્છતાના કામો સત્વરે પૂર્ણ કરવા સરકાર કટિબદ્ધ



### રાજ્યના વધુ પ્રભાવિત પાંચ જિલ્લામાં આરોગ્ય અને સ્વચ્છતાની કામગીરી પૂરજોશમાં કરવામાં આવી રહી છે

ગાંધીનગર, તા.૫

રાજયભરમાં ભારે વરસાદની સ્થિતિ બાદ જિલ્લા, તાલુકા, શહેર અને ગામોમાં સ્વચ્છતા અને સંભવિત રોગચાળા સ્થિતિને નિયંત્રણમાં રાખવા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા જિલ્લા પ્રભારી સચિવ, જિલ્લા કલેકટર અને મ્યુનિસિપલ કમિશનરોને સુચના આપવામાં આવી છે. જેના ભાગરૂપે વડોદરામાં અતિ ભારે વરસાદને પગલે ઊભી થયેલી પૂરની પરિસ્થિતિ અને પૂર ઓસર્યા બાદ ફલડ રાહતની કામગીરી માટે સમગ્ર તંત્ર રાત-દિન કાર્યરત છે. પ્રતિકૂળ પરિસ્થિતિમાં વડોદરાના જરૂરિયાતમંદ નાગરિકોને આરોગ્ય સંબંધિત અસુવિધા ઊભી ન થાય તે માટે સુરત જિલ્લા આરોગ્ય વિભાગની બે મેડિકલ ટીમ એમ્બ્યુલન્સ વાન સાથે વડોદરા ખાતે આરોગ્ય સેવા આપી રહી છે. જરૂરિયાતમંદોને જરૂરી તબીબી સેવાઓ અને આવશ્યક દવાઓ પૂરી પાડીને સ્વાસ્થ્ય સંબંધિત કોઈ પણ મુશ્કેલીનો સામનો નાગરિકોને ન કરવો પડે એ માટે નાના-મોટા વડીલો સૌ કોઈના આરોગ્યની સંપૂર્ણ કાળજી રાજ્ય સરકાર રાખી રહી છે. રાજ્ય અને જિલ્લાનું આરોગ્યતંત્ર પુર અસરગ્રસ્ત વિસ્તારોમાં લોકોના સ્વાસ્થયની દરકાર કરી રહ્યું છે. વલસાડ જિલ્લામાં અતિભારે વરસાદ બાદ વાહકજન્ય રોગો તેમજ પાણીજન્ય રોગોનું પ્રમાણ વધવાની સંભાવના હોવાથી જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા એડવાઈઝરી જાહેર કરી લોકોને વાહકજન્ય અને પાણીજન્ય રોગોથી બચવા માટે તકેદારીનાં પગલા લેવા અનુરોધ કરવામાં આવ્યું છે. આરોગ્ય વિભાગની ૫૮૧ જેટલી ટીમો વાહકજન્ય અને પાણીજન્ય રોગોના નિયંત્રણ માટે કામ કરી રહી છે.

આ ઉપરાંત દાહોદ જિલ્લા અને ઝાલોદ શહેરમાં ભારે વરસાદ બાદ નગરપાલિકા અને જિલ્લા વહીવટી તંત્ર દ્વારા સફાઈ ઝુંબેશ, કલોરીનેશન, ફોગિંગ સહિતની કામગીરી માટે ટીમ બનાવી કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. દાહોદ જિલ્લાના ઝાલોદમાં મેઈન બજાર, સહિત વગેરે સ્થળોએ સફાઈ કરીને દવાના છંટકાવની કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે. આ જ રીતે સુરેન્દ્રનગર જિલ્લામાં ગત સપ્તાહમાં થયેલા ભારે વરસાદને પગલે નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા બાદ મચ્છરજન્ય રોગચાળો કે અન્ય બિમારીઓ ન ફેલાય તે માટે અગમચેતીના ભાગરૂપે જિલ્લા કલેકટરશ્રીનાં માર્ગદર્શન હેઠળ સમગ્ર જિલ્લામાં સફાઈ અભિયાનની કામગીરી પુરજોશમાં ચાલી રહી છે. નગરપાલિકાની ટીમ દ્વારા વિવિધ વિસ્તારોમાં ભારે વરસાદના પગલે ભરાઈ ગયેલા કચરા-પાણીનો નિકાલ કરવામાં આવ્યો હતો. જેમાં ટી.બી હોસ્પિટલ પાછળનો વિસ્તાર, દુધરેજ વોર્ડ નંબર ૦૧, વોર્ડ નંબર ૦૪, રેલ્વે અંડરબ્રિજ સહિતના સ્થળોએ યુદ્ધના ધોરણે સાફ - સફાઈ શરૂ કરવામાં આવી હતી. તેમજ ભૂગર્ભ ગટરોમાં અટવાયલો કચરાનો યોગ્ય રીતે નિકાલ કરી ભૂર્ગભ ગટરો સાફ કરવામાં આવી હતી. જે વિસ્તારમાં વધુ પડતો કચરો હતો ત્યાં જેસીબી, ટ્રેક્ટરની મદદથી ઘન કચરાના નિકાલની કામગીરી કરવામાં આવી હતી. તાપી જિલ્લામાં ગત દિવસોમાં પડેલા વરસાદ બાદ મચ્છર ઉપદ્રવ રોગચાળા અટકાયત અને સાવચેતીના ભાગરૂપે વ્યારા નગરપાલિકાની ટીમ દ્વારા સાફસફાઈ બાદ વિવિધ સ્થળોએ દવા છંટકાવ, પાઉડર છંટકાવની કામગીરી કરવામાં આવી રહી છે. નગરની સાફ સફાઈ માટે સફાઈકર્મીઓ પુરી મહેનતથી નોધપાત્ર કામગીરી કરી રહ્યા છે. તાપી જિલ્લામાં આજ રોજ નવી વસાહત વોર્ડ નંબર ૦૭, વેગી ફળિયું, વોર્ડ નંબર ૦૫,મિશ્રશાળા પાસે, વોર્ડ નંબર ૦૨, પાટ ફળિયું વોર્ડ નંબર ૦૪માં દવા અને પાઉડર છંટકાવની કામગીરી કરવામાં આવી હતી.

## પોષણ માહ ૨૦૨૪; કુપોષણ મુકત ગુજરાતના નિર્માણ માટે રાજ્ય સરકારનો મકકમ નિર્ધાર

# પોષણ સ્તરમાં સુધાર માટે નાગરીકોની ખાન-પાનની ટેવો સુધારે તે આજની તાતી જરૂરીયાત




(જી.એન.એસ)

ગાંધીનગર, તા. ૫

કુપોષણ એ સતત બદલાતી પરિસ્થિતિ છે ત્યારે નાગરિકોમાં જનજગૃતિ માટે રાજ્ય સરકારે મકકમ નિર્ધાર કરીને કુપોષણ મુકત ગુજરાતના નિર્માણનું લક્ષ્ય સેવ્યું છે. પોષણ સ્તરમાં સુધાર માટે નાગરીકોની ખાન-પાનની ટેવો સુધારે તે આજની તાતી જરૂરીયાત છે. દરેક વ્યક્તિએ પોતાના આરોગ્ય અને પોષણ માટેની જાગૃતિ કેળવવી પડશે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન હેઠળ કેન્દ્ર સરકાર દ્વારા ભારતભરમાં પ્રતિવર્ષ સપ્ટેમ્બર માસને પોષણ માહ તરીકે ઉજવવામાં આવે છે જેમાં વિવિધ પોષણલક્ષી કાર્યક્રમો દેશભરમાં યોજાઈ રહ્યાં છે. તાજેતરમાં ગાંધીનગર ખાતેથી મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, કેન્દ્રીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રી શ્રીમતી અન્નપૂર્ણા દેવીએ પોષણ માહ ૨૦૨૪નો દેશવ્યાપી પ્રારંભ કરાવ્યો છે.

રાજ્યના મહિલા બાળકલ્યાણ મંત્રી શ્રીમતી ભાનુબેન બાબરીયાના માર્ગદર્શન હેઠળ રાજયમાં કુપોષણને નાથવા માટે નોંધપાત્ર પ્રયાસો અને પહેલો હાથ ધરવામાં આવી છે. રાજય સરકારે મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા બાળકો અને મહિલાઓના પોષણમાં સુધારો કરવા અને કુપોષણ ઘટાડવાના હેતુથી અનેકવિધ નવતર પહેલો હાથ ધરી છે. મહિલા અને બાળ વિકાસ વિભાગ, આરોગ્ય વિભાગ, સામુદાયિક ભાગીદારીતા એમ બહુવિઘ આયામો દ્વારા કુપોષણ નિવારવા માટે સરકારશ્રી દ્વારા સક્રીય પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. મહિલા અને બાળ વિકાસ મંત્રાલય દ્વારા ૨૦૨૧માં શરૂ કરાયેલ પોષણ ટ્રેકર એપ્લિકેશન આંગણવાડી કેન્દ્રો અને પોષણ ટ્રેકરનું સ્ટેટ ડેશબોર્ડથી રિયલ ટાઈમ મોનિટરિંગ કરવામાં આવે છે, જેનાથી વૃદ્ધિની દેખરેખ અને પૂરક પોષણ વિતરણનું નિરીક્ષણ કરવામાં આવે છે. પોષણ અભિયાન અંતર્ગત પોષણ સંબંધિત સૂચકાંકો પર ડેટા જનરેટ કરવા માટે કેન્દ્રીય પ્લેટફોર્મ પોષણ ટ્રેકરનો ઉપયોગ કરે છે. જેમાં ઓછું વજન, દૂબળાપણું અને ઠીંગણાપણું, પૂરક પોષણનું વિતરણ, ગૃહ મુલાકાતો અને સમુદાય આધારિત કાર્યક્રમોની કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા નિયમિતપણે સમીક્ષા કરવામાં આવે છે.

મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા કરાયેલી પહેલોઃ-

૧) મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા ભૂખમરાને નામશેષ કરવાની પહેલ

સંકલિત બાળ વિકાસ સેવાઓ (ICDS) યોજના

### પોષણ ટ્રેકર એપ્લિકેશન દ્વારા આંગણવાડી કેન્દ્રો અને પોષણ ટ્રેકરનું સ્ટેટ ડેશબોર્ડથી રિયલ ટાઈમ મોનિટરીંગ

હેઠળ છ વર્ષથી ઓછી ઉંમરના બાળકો અને સગર્ભા તથા ધાત્રી માતાઓને પૂરક પોષણ, રસીકરણ, આરોગ્ય તપાસ અને રેફરલ સેવાઓ પૂરી પાડે છે. ૬ મહિનાથી ૩ વર્ષના બાળકોને ટેક-હોમ રાશન અને ૩-૬ વર્ષના ગરમ રાંધેલું ભોજન પૂરક પોષણ તરીકે આપવામાં આવે છે.

કુપોષણની સમસ્યાનો સામનો કરવા અને ભાવિ પેઢીઓને બચાવવા માટે બાળકોને પૂરતું પોષણ પૂરું પાડવા માટે રાજ્યએ મુખ્ય મંત્રી માતૃશક્તિ યોજના (MMY) જેવી વિવિધ પોષણલક્ષી યોજનાઓ કાર્યરત છે. જેનો ઉદ્દેશ્ય રો-રાશન સાથે વધારાનું પ્રોટીન આપવાનું છે. આ યોજના હેઠળ પ્રથમ વખતની સગર્ભા અને ૨ વર્ષ સુધીના બાળકોની સ્તનપાન કરાવતી માતાઓને રો-રાશન કે જેમાં ૨ કિલો ચણા, ૧ કિલો તુવેર દાળ અને ૧ લીટર ફોર્ટિફાઈડ તેલ આપવામાં આવે છે. આ ઉપરાંત આદિવાસી તાલુકાઓમાં સગર્ભાઓને અને ૬ માસ સુધીના બાળકોને સ્તનપાન કરાવતી માતાઓને ૧ વખતનું સંપૂર્ણ ભોજન આપવાના ઉદ્દેશ્ય સાથે પોષણ સુધા યોજના (PSY) અમલ કરવામાં આવી છે. દૂધ સંજીવની યોજના (DSY) અંતર્ગત ૬ મહિનાથી ૬ વર્ષ સુધીના બાળકોને ૧૦૦ મિલી ફોર્ટિફાઈડ દૂધ, અઠવાડિયામાં ૫ દિવસ અને સગર્ભા અને સ્તનપાન કરાવતી માતાઓને ૨૦૦ મિલી દૂધ આપવામાં આવે છે.

૨) પૂર્ણા યોજના

રાજ્યની ૧૫-૧૮ વર્ષની કિશોરીઓમાં કુપોષણ, એનિમિયા અને વહેલા લગ્નને ઘટાડવાના આશયથી માટે પૂર્ણા-પ્રિવેન્શન ઓફ ન્યુટ્રીશન એન્ડ રીડક્શન ઓફ ન્યુટ્રીશનલ એનિમિયા યોજના કાર્યરત છે. જેમાં પૂરક પોષણ, આયર્ન અને ફોલિક એસિડની ગોળીઓ, આરોગ્ય તપાસ અને વ્યાવસાયિક તાલીમ આપવામાં આવે છે. સમુદાયની સહભાગિતા સુનિશ્ચિત કરવા આને પોષણ અંગે જાગૃતા લાવવા પોષણ માહ અને પોષણ પખાવડિયા થકી વિવિધ કાર્યક્રમો કરી જન આંદોલનને વેગ આપવામાં આવે છે.

૩) વિલેજ હેલ્થ એન્ડ ન્યુટ્રીશન ડેઝ (VHNDs-મમતા દિવસ)

આરોગ્ય અને પોષણ સેવાઓ પૂરી પાડવા માટે નિયમિત VHNDનું આયોજન કરવામાં આવે છે, જેમાં વૃદ્ધિની દેખરેખ, રસીકરણ અને નવજાત શિશુ અને બાળકોને ખોરાક આપવાની પદ્ધતિઓ પર કાઉન્સેલિંગ વગેરેનો સમાવેશ થાય છે. પોષણ સેવાઓની અસરકારક અમલીકરણ સુનિશ્ચિત કરવા આંગણવાડી કાર્યકરો અને અન્ય ફ્રન્ટલાઈન કાર્યકરોની તાલીમ અને ક્ષમતા નિર્માણ કરવા માટે ક્ષમતા વર્ધન યોજના ચલાવવમાં આવે છે.

અલ્પ-પોષણ માટે અનેક કારણો જવાબદાર છે એમાં જન્મ સમયની સ્થિતી, બાળકના જન્મનો ક્રમ, માતાનું આરોગ્ય, સામાજિક-આર્થિક સ્થિતી, રહેણી –કરણી ખાન-પાનની ટેવો, કોઈ ચેપ, કૃમિ, વ્યસન વગેરે જેવી અનેક પરિસ્થિતી અસર કરે છે. આમ અનેક કારણો કુપોષણ માટે જવાબદાર છે. આજે શું ખાવુ અને શુ નખાવુ તે માહિતીના અભાવે લોકો પોષણથી વંચિત રહી જાય છે. આ કારણોને ધ્યાને લેતાં ફકત ૧/૩ પૂરક પોષણ દ્વારા કુપોષણને માત આપવા માટે કેન્દ્ર તથા રાજ્ય સરકારની સાથે સામુદાયિક ભાગીદારીતા થકી કુપોષણ નિવારવા માટે સક્રીય પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. કુપોષણના વિષચક્રને તોડવા માટે આપણને તમામ સ્તરે પ્રયત્નો કરવા પડશે. કેન્દ્ર અને રાજ્ય સરકારની સાથે-સાથે તમામ નાગરિકોને પણ આ નેમમાં જોડાઈ આ વિષચક્રને જડમૂળથી ખત્મ કરવાનું છે. પોષણલક્ષી તમામ કાર્યક્રમોની અસરકારકતા વધારી છેવાડાના વર્ગો સુધી તેનો લાભ પહોંચે તે સુનિશ્ચિત કરવા માટે ગુજરાત રાજ્ય કટિબદ્ધ છે.

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

મુસ્કાન પ્રેમની ભાષા છે.

- હોમર

### : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૮૦, શા. શાકે. ૧૯૪૬, પા.ફરવરદીન-૧૩૯૪, મુ. રબી-ઉલ્લ-અવ્વલ-૧૪૪૬, જૈન વીર સં.-૨૫૫૦, કચ્છી સં. ૨૦૮૧, ભાદરવા સુદ-૨ સામવેદી શ્રાવણી તા.૫ સપ્ટેમ્બર ૨૦૨૪, ગુરૂવાર, પારસી તા.૨૨, મુસ્લિમ તા.૧, હસ્ત નક્ષત્ર, શુભ યોગ, તૈતિલ કરણ, સૂ.ઉ.૬:૩૫, સૂ.અ.૭:૦૪

આજનો દિવસ મધ્યમ છે.

આજે જન્મેલા બાળકની રાશી કન્યા (પ ઠ ણ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષઃ પ્રવાસમાં સફળતા મળે. સ્નેહિથી મિલન થાય.
વૃષભઃસ્વજનની મદદ મળે. મૂંઝવણ દૂર થાય. આરોગ્ય જાળવવું.
મિથુનઃનવા કાર્ય માટે સાનુકૂળતા. મનની મુરાદ બર આવે.
કર્કઃ પરિવારજનોમાં યશ, વૃધ્ધિ રહેશે. પ્રસંગોનું આયોજન થાય.
સિંહઃ ખર્ચ-ખરીદીના યોગ છે. આરોગ્ય સારૂં રહે.
કન્યાઃ આર્થિક પ્રગતિ થાય. નજીકના સગાથી મિલન-મુલાકાત થાય.
તુલાઃ આવક વધારવાની તક મળે. વિશ્વાસે વહાણ ન ચલાવવું.
વૃશ્ચિકઃવિવાહના કાર્યમાં સફળતા મળે. આયોજન થાય.
ધનઃ કોર્ટ-કચેરીના કાર્યમાં લાભ. મન મેળ સાધી શકશો.
મકરઃ પ્રતિસ્પર્ધિને હંફાવી શકો. કોર્ટ-કચેરીના કાર્યોમાં લાભ થાય.
કુંભઃ મનમાં અશાંતિ સર્જાય. અધ્યાત્મિક કાર્યોમાં મન પરોવાય.
મીનઃ માનસિક વ્યથા-વેદના વધે. ચિંતાનો ઉકેલ મળે.

## ગદ્દારો મોટી રકમની ડ્યુટી ચોરી કરી રહ્યા છે

# રાષ્ટ્ર હિત માટે ઘડાયેલા આયાત નિકાસ માટેના કાયદાઓનો દુરૂપયોગ

### કચ્છના મુન્દ્રા તેમજ કંડલા બંદરે મિસ ડેક્લેરેશન દ્વારા બાસમતી ચોખાની નિકાસનું કૌભાંડ આચરાયું હોવાની ચર્ચા

મુન્દ્રા, તા.૫

કેન્દ્ર સરકાર દ્વાર.આયાત નિકાસ માટે રાષ્ટ્ર હિત માટે ઘડાયેલા કાયદાઓનો દુરુપયોગ કરી ગદ્દાર તત્વો મોટી રકમની ડ્યુટી ચોરી કરી દેશને આર્થિક નુકસાન પહોંચાડે છે. આવા દાણચોર તત્વો વિરુદ્ધ કસ્ટમ તંત્ર.દ્વારા કડક પગલાં ભરવાને બદલે મીઠી નજર રખાય છે. જે દેશ માટે નુકસાનકારક છે. સોપારી ની આયાત બાદ હવે કચ્છના મુન્દ્રા તેમ જ કંડલા બંદરે મિસ ડેક્લેરેશન દ્વારા બાસમતી ચોખાની નિકાસનું કૌભાંડ આચરાયું હોવાની ચર્ચા છે. સૂત્રોના જણાવ્યા પ્રમાણે અત્યારે ૨૦૦ કન્ટેનર ની તપાસ થઈ રહી છે. ઓર્ગેનિક ચોખાના નામે બાસમતી ચોખા વિદેશ નિકાસ કરાઈ રહ્યા હોવાની માહિતીના આધારે તપાસ થઈ રહી છે.કેન્દ્ર સરકારે અત્યારે બાસમતી ચોખાની નિકાસ ઉપર પ્રતિબંધ મૂકયો છે. જોકે, સોપારી દાણચોરી પ્રકરણમાં આયાતકાર પેઢી અને કસ્ટમ હાઉસ તરફ કસ્ટમનું કૂણું વલણ ચર્ચામાં છે. દાણચોરી જેવા કૃત્ય સાથે દેશ સાથે ગદ્દારી કરનારી વેપારી પેઢીનું લાયસન્સ ફરીથી રીન્યુ કરનાર કોણ એ મુદ્દા સાથે દાણચોરીમાં ઝડપાયેલી પેઢીઓ તેમજ મિસ ડેકલેરેશન નો માલ કિલયર કરાવનારા કસ્ટમ એજન્ટો સામે એજન્સીઓની સંયુક્ત તરપાસ થાય અને બેક્ર ખાતાઓની તપાસ થાય તે દેશહિતમાં છે.કસ્ટમ અને ડીઆરઆઈમાં ભ્રષ્ટ અધિકારીઓ વિરૂધ્ધ ઝીણવટભરી તપાસ થવી જોઈએ. કેન્દ્ર સરકારઆ મામલે વધુ કડકાઈ દાખવે તે જરૂરી છે.

# દેવભૂમિ દ્વારકા જીલ્લામાં અતિવૃષ્ટિ બાદ દિવસ-રાત વીજ પુરવઠો પુનઃસ્થાપન કરવા સખત પરિશ્રમ કરતા વીજ વિભાગના કર્મયોગીઓ





(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા, તા.૫

દ્વારકા તથા કલ્યાણપુર તાલુકામાં વીજ પુરવઠો પુનઃ સ્થાપન કરવા માટે વિભાગીય તથા અન્ય જિલ્લામાંથી મળી એમ કુલ ૫૦ ટીમો ઉઠાવી રહી છે. દ્વારકા જિલ્લામાં ભારે વરસાદની સ્થિતિ બાદ કલેકટર જી.ટી.પંડ્યાના માર્ગદર્શન હેઠળ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આરોગ્ય, સફાઈ તથા વીજ પુરવઠો પૂર્વવત કરવા માટે પૂરજોશમાં કામગીરી કરવામાં આવી રહી છે. જેને પગલે જિલ્લામાં વીજ પુરવઠો પૂર્વવત કરવા માટે પી.જી.વી.સી.એલ વિભાગના કર્મચારીઓ દિવસ રાત ભારે જહેમત ઉઠાવી રહ્યા છે.

આ કામગીરી અંગે વધુ માહિતી આપતા દ્વારકા વિભાગીય કચેરીના કાર્યપાલક ઈજનેર એન.જે. ગોરાણીયા કહ્યું હતું કે, દેવભૂમિ દ્વારકા જિલ્લામાં તા.૨૬ થી ત્રણ દિવસ સુધી ભારે પવન સાથે મેઘવર્ષા થઈ હતી. જેને પરિણામે દ્વારકા વિભાગીય કચેરી હસ્તકના ઓખામંડળ (દ્વારકા) તથા કલ્યાણપુર તાલુકામાં બહોળા પ્રમાણમાં વીજ પોલ, વીજ વાયરોમાં ક્ષતિ પહોંચી હતી. વર્તુળ કચેરી રાજકોટના મુખ્ય ચીફ ઈજનેર આર.જે.વાળાના માર્ગદર્શનમાં અમારા દ્વારકા વિભાગીય કચેરીની ૨૦ તેમજ કોન્ટ્રાક્ટરોની ૨૦ તેમજ રાજકોટ જિલ્લામાંથી ૧૦ ટીમના કર્મયોગીઓ વીજ પુરવઠો પૂર્વવત કરવા તેમજ ક્ષતિગ્રસ્ત વીજ પોલ રીસ્ટોર કરવા માટે ભારે જહેમત ઉઠાવી રહ્યા છે. હાલમાં વરસાદ વિરામ લેતા અમારી ટીમો દ્વારા ખાસ કરીને ખેતીવાડીના ફીડરોને તાત્કાલિક ધોરણે પૂર્વવત કરવા માટે યુદ્ધના ધોરણે કામગીરી કરવામાં આવી રહી છે.

ઉલેખનીય છે કે, દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ભારે વરસાદ અને પવનના પરિણામે વિભાગીય કચેરી દ્વારકા હસ્કતના દ્વારકા તથા કલ્યાણપુર તાલુકામાં અંદાજિત ૧૧૦૦ જેટલા વીજ પોલ તથા ૩૫ જેટલાં ટ્રાન્સફોર્મર ક્ષતિગ્રસ્ત થયા હતા. જેને પુનઃ સ્થાપન કરવા વીજ વિભાગના કર્મચારીઓ યુદ્ધના ધોરણે કામગીરી કરી નાગરિકોની સમસ્યાઓને દૂર કરવા સખત પરિશ્રમ કરી રહ્યા છે.

# ગીર સોમનાથ જીલ્લામાં ગાય, ભેંસ, ઘેંટા-બકરા, ઘોડા-ગધેડાની વસ્તી ગણતરીનો થયો પ્રારંભ

## રજીસ્ટ્રેશન માટે સૌપ્રથમ વાર મોબાઈલ એપનો ઉપયોગ કરાશે

(પ્રતિનિધિ દ્વારા)

પ્રભાસ પાટણ તા. ૫

સમગ્ર ગુજરાતમાં ૨૧મી પશુધન વસ્તી ગણત્રીનો પ્રારંભ થયો છે. ત્યારે ગીર સોમનાથ જીલ્લામાં મોબાઈલ એપ્લીકેશન દ્વારા પશુધન વસ્તીગણત્રી કરાઈ રહી છે. જે બાબતે ગીર સોમનાથ જીલ્લાના ૬ તાલુકામાં કુલ ૬૨ ગણતરીકારો તથા ૮ સુપરવાઈઝરો દ્વારા સમગ્ર કામગીરી કરવામાં આવી રહી છે. જેમાં વેરાવળ તાલુકામાં ૯, સુત્રાપાડા તાલુકામાં ૧૧, તાલાળા તાલુકામાં ૮, કોડીનાર તાલુકામાં ૧૨, ઉના તાલુકામાં ૧૫ તથા ગીરગઢડા તાલુકામાં ૭ ગણત્રીકારો દ્વારા આ કામગીરી ફાળવાયેલ છે તેમ જીલ્લા મદદનીશ પશુપાલક નિયામક ડો.ડી.એમ. પરમારે જણાવ્યું હતું.

સરકાર દ્વારા દર પાંચ વર્ષે પશુઓની વસ્તી ગણત્રી કરવામાં આવે છે. આ ગણત્રી તા.૧ સપ્ટેમ્બરથી ડીસેમ્બર એમ ત્રણ માસ દરમ્યાન કર્મચારીઓ શહેરી અને ગ્રામ્ય વિસ્તારમાં પશુઓની નોંધણી કરી તેનો રીપોર્ટ રજુ કરશે. જેને નોડલ અધિકારી વેબ એપ્લીકેશન અને ડેશબોર્ડ દ્વારા નોંધ લેશે અને ગણતરીકારો દ્વારા કરાયેલી ગણત્રી સુપરવાઈઝર દ્વારા ખરાઈ, નિરીક્ષણ કરી તેને વેબ એપ્લીકેશન માધ્યમથી રાજય સરકારને મોકલવામાં આવશે. વસ્તી ગણતરી માટે પ્રથમવાર મોબાઈલ એપનો ઉપયોગ ૨૧મી પશુધન વસ્તી ગણત્રી માટે પ્રથમવાર મોબાઈલ એપ્લીકેશન અને સોફટવેરનો ઉપયોગ કરવામાં આવશે.

પાયલોટ પ્રોજેકટ અંતર્ગત થનાર મોબાઈલ એપ્લીકેશનના આધારે સૌપ્રથમવાર થનાર ગણત્રી દરમ્યાન પ્રથમવા ટેબલેટના માધ્યમથી પશુધનનો ડેટા ઓનલાઈન એકત્રીત કરવામાં આવશે. ૨૦ મી પશુધન વસ્તી ગણત્રી દરમ્યાન કરવામાં આવ્યો હતો.

જયારે આ વર્ષે મોબાઈલ એપ્લીકેશનથી કર્મચારીઓ દ્વારા સર્વેક્ષણ રીપોર્ટ ડીઝીટલી તૈયાર કરાશે. ગુજરાતની ૨૮ જેટલી પશુજાતોની ગણત્રી થશે. જીલ્લામાં ૨૮ જેટલી પશુ જાતોની ગણતરી કરાઈ રહી છે જેમાં ગાય, સંવર્ગમાં ગીર, કાંકરેજ, ડગરી, ડાંગી અને નારી ઓલાદ, ભેંસ સંવર્ગમાં મહેસાણા, જાફરાબાદી, બન્ની અને સુરતી ઓલાદ આ ઉપરાંત ઘેટા, બકરા, સસુલું, ઉંટ, કુતરૂં, ગધેડા, ડુકકર, ઘોડા સહિતનો સમાવેશ થાય છે. ૨૦મી પશુ ગણત્રી ૨૦૧૯ માં થઈ ત્યારે શું સંખ્યા હતી તે જોઈએ તો ગીર સોમનાથ જીલ્લામાં કુલ ૪,૯૨,૪૬૦ પશુધન હતું જેમાં ૨૧૨૫૨૬ કેટલ, ભેંસ ૧૯૩૯૫૮, ઘેંટા ૨૨૪૮૬, બકરા ૪૯૧૬૩, ઘોડા ૧૭૮, ગધેડા ૧૯, ઉંટ ૩૯, ડોગ ૧૩૮૭૧, સસલા ૨૨૦ હતા.

આ ગણત્રી માટે નોડલ અધિકારીઓને ગાંધીનગર ખાતે ખાસ તાલીમ પણ આપવામાં આવેલ છે. જેમાં મોબાઈલ એપ, વેબ એપ, ડેશબોર્ડ આ તાલીમમાં આવરી લેવાયા હતા. ગત ગણત્રીમાં ઘોડા, ગધેડા તથા ઉંટની સંખ્યામાં ધરખમ ઘટાડો નોંધાયો હતો જે આ વર્ષે શું થશે તે તો પરિણામ આવે પછી જ ખબર પડશે.

# માંગરોળ સિંધી સમાજ દ્વારા યાત્રા યોજી વરૂણદેવની પુજા કરી ઝુલેલાલ ચાલીસા ઊજવાય



(પ્રતિનિધિ દ્વારા)

માંગરોળ તા. ૫

માંગરોળ સિંધી સમાજમાં તા.૨૩ જુલાઈથી ઈષ્ટદેવ ભગવાન શ્રી ઝુલેલાલ ચાલીસા વ્રતની શુભ શરૂઆત થઈ હતી જે બાદ ૪૦ દિવસ સુધી સિંધી સમાજના વ્રતધારી પરિવારોમાં ચાલિયા મહોત્સવ ના અનુષ્ઠાનમાં નીતનેમ સાથે રોજ પૂજા અર્ચન તેમજ માંગરોળ સિંધી સમાજના નેજા હેઠળ શ્રીઝુલેલાલ મંદિર ખાતે મહિલાઓ દ્વારા દરરોજ સાંજે સત્સંગ ભજન પલ્લવ મહાઆરતી સાથે ભક્તિમય આયોજન કરવામાં આવ્યુ હતુ ત્યારે આજે ૪૧માં દિવસે સમગ્ર સિંધી સમાજ દ્વારા ભગવાન ઝુલેલાલ ના ચાલિયા મહોત્સવની સમાપ્તિ અવસરે પવિત્ર જયોત અને વ્રતની મટકીઓ સાથે પગપાળા યાત્રા આયોલાલ ઝુલેલાલના ના નાદ સાથે વાજતે ગાજતે મટકીયાત્રા ઝુલેલાલ મંદિરથી પ્રારંભ કરી મુખ્ય બજાર લીમડાચોક સુધી અને ત્યારબાદ બંદરના દરિયા કાંઠે સૌ ધર્મપ્રેમી જ્ઞાતિજનો દ્વારા ઈષ્ટદેવ ઝુલેલાલજીની આસ્થાએ ઝૂલે તેરા ઝંડા-અમર તેરી જયોતનો જયઘોષ ગુંજી ઉઠ્યો હતો. અંતે સૌ મળી વિધી વિધાન સાથે દરિયા કાંઠે મોટી સંખ્યમાં સિંધી સમાજના ભાઈઓ બહેનોએ ઈષ્ટદેવની ભક્તિમાં જોડાઈ આરતી પલ્લવ બાદ ચાલિયા સાહેબ ની મટકી અને પુજય જયોત સાહેબને દરીયાદેવ ના જલમાં પરવાન કરી ચાલીસા મહોત્સવ ની ધર્મોલ્લાસ સાથે ઉજવણી કરાઈ હતી આ તકે સિંધી સમાજ પ્રમુખ નાનકરામ સોમૈયા, ઉપપ્રમુખ અશોકભાઈ ક્રિષ્નાણી, સિંધી નવયુવક મંડળના પ્રમુખ પ્રકાશભાઈ લાલવાણી , સુનીલભાઈ કોટક સહિતના આગેવાનો તેમજ બહોળી સંખ્યા માં નાના ભૂલકાઓ સહિત વ્રતધારી ભાઈઓ બહેનો વડીલો જોડાયા હતા અને ચાલીસા વ્રતની શાસ્રોતક વિધિ કરી વ્રતની સમાપ્તિ કરી હતી.

# દ્વારકાધીશ જગતમંદિરમાં ઠાકોરજીને મયુરપંખ શૃંગાર સાથે કુંડલા ભોગ મનોરથ યોજાયો



(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા, તા.૫

દ્વારકાધીશ જગતમંદિરમાં ઠાકોરજીને સાંજે ઉત્થાપન સમયે એક ભાવિક ભકત પરિવાર દ્વારા વારાદાર પૂજારીના સૌજન્યથી ઠાકોરજીને કુંડલા ભોગ મનોરથ યોજવામાં આવ્યા હતા. મયુરપંખ સાથે મંગળવારના પીળા વાઘાના દૈદિપ્યમાન શૃંગારના દિવ્ય દર્શનનો ઉપસ્થિત બહોળી સંખ્યામાં ભાવિકોએ લાભ લીધો હતો. ઓનલાઈનના વિવિધ માધ્યમોથી પણ લાખો કૃષ્ણભકતોએ ઠાકોરાજીના દર્શન કર્યા હતા.

# ખંભાળિયાના માંઝા ગામેથી વિદેશી દારૂના જથ્થા સાથે યુવાન ઝડપાયો



(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા, તા. ૫

ખંભાળિયા પંથકમાં સ્થાનિક પોલીસ દ્વારા હાથ ધરવામાં આવેલા પેટ્રોલિંગ દરમ્યાન સર્વેલન્સ સ્ટાફના એ.એસ.આઈ. હેમતભાઈ નંદાણીયા તેમજ યોગરાજસિંહ ઝાલાને મળેલી ચોક્કસ બાતમીના આધારે ખંભાળિયા તાલુકાના માંઝા ગામે પાણીના ટાકા પાસે રહેતા હરીશ દેવીયાભાઈ કારીયા નામના શખ્સના રહેણાંક મકાનમાં દરોડો પાડી, આ સ્થળે છુપાવીને રાખવામાં આવેલી જુદી જુદી બ્રાન્ડની કુલ ૨૫૪ બોટલ વિદેશી દારૂની બોટલનો જથ્થો પોલીસને હાથ લાગ્યો હતો.

આ પ્રકરણમાં પોલીસે રૂપિયા ૬૪,૮૦૦ ની કિંમતના વિદેશી દારૂ તેમજ રૂા. ૫,૦૦૦ ની કિંમતના એક મોબાઈલ ફોન મળી, કુલ રૂપિયા ૬૯,૮૦૦ ના મુદ્દામાલ સાથે આરોપી હરીશ કારીયાની અટકાયત કરી હતી. આ પ્રકરણમાં મહેસાણા તાલુકાના સાંથલ ગામના વિરેન્દ્રસિંહ ઉર્ફે રીન્કુ અર્જુનસિંહ ઝાલા નામના શખ્સની પણ સંડોવણી હોવાનું ખુલતા પોલીસે તેને હાલ ફરાર જાહેર કરી, આગળની તપાસ હાથ ધરી છે.

# ખંભાળિયામાં આરાધના ધામ ખાતે પર્યુષણ મહાપર્વમાં પ્રભુ મહાવીર સ્વામીના પર્વની ઉલ્લાસભેર ઉજવણી કરાઈ





(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા, તા. ૫

ખંભાળિયા નજીક આવેલા જાણીતા હાલાર તીર્થ આરાધનાધામ ખાતે પૂ. જૈનાચાર્ય શ્રી વજ્રસેન વિજયજી મ.સા.ની દિવ્યકૃપા તથા પ.પૂ.આ. શ્રી મનમોહન સૂરીશ્વરજી મ.સા. તથા પ.પૂ.આ. શ્રી હેમપ્રભસૂરીશ્વરજી મ.ની પ્રેરણાથી પર્યુષણ મહાપર્વના બુધવારે પાંચમા દિવસે ત્રિશલા માતાને આવેલા ચૌદ સ્વપ્નની ઉલ્લાસભેર ઉછામણી કરવામાં આવી હતી. શ્રી મહાવીર સ્વામી ભગવાનના જન્મનું વાંચન ટ્રસ્ટી રાજેશભાઈ ખીમશીયાએ કર્યું હતું. સાથે આ જન્મોત્સવ ખૂબ જ ઉલ્લાસથી ઢોલ, નગારા, સંગીત સાથે ઉજવાયો હતો.

આ પ્રસંગે રીલાયન્સ ટાઉનશીપથી સંજયભાઈ કોઠારીના સહિતના જૈન પરિવારો ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને ખૂબ સારા પ્રમાણમાં ચડાવા થયેલા હતા. પ્રભુ શ્રી મહાવીર સ્વામીની આંગીનો લાભ ખટિયાર ગામના માતુશ્રી પાનીબેન વજાભાઈ ગડા પરિવાર (હ. મનસુખભાઈ અને હાર્દિકભાઈ શાહ) એ લીધો હતો. લાડુની પ્રભાવના પ્રિયંક કલ્પેશભાઈ શાહ દ્વારા કરવામાં આવી હતી. દર વર્ષે રિલાયન્સમાં રહેતા જૈન પરિવાર ઉલ્લાસભેર ચડાવા બોલી, ભગવાનના જન્મ પર્વની ઉજવણી કરે છે.

જેમાં સંસ્થાનો સ્ટાફ પરિવાર પણ સુંદર વ્યવસ્થા ગોઠવવામાં આવે છે. સમગ્ર પ્રસંગનું સંચાલન ટ્રસ્ટી રાજેશભાઈએ કર્યું હતું. સંસ્થા દ્વારા આ ધાર્મિક ભક્તિનું આ સુંદર વ્યવસ્થાનું આયોજન કરવામાં આવ્યું હતું.

# ૬ સપ્ટેમ્બરના રોજ રિલીઝ થઈ રહેલ ફિલ્મ"ઉડન છૂ"નું રોમેન્ટિક સોન્ગ "કદી રે કદી" લોન્ચ




● સોન્ગ લિંક- https://www.youtube.com/watch?v=1gXI0HntOkw

મુંબઈ તા. ૫

આરોહી પટેલ, આર્જવ ત્રિવેદી, દેવેન ભોજાણી અને પ્રાચી શાહ પંડ્યા જેવી અભૂતપૂર્વ સ્ટાર કાસ્ટ દર્શાવતી ફિલ્મ "ઉડન છૂ"ની રીલીઝને હવે ગણતરીના દિવસો જ બાકી છે. ફિલ્મ ૬ સપ્ટેમ્બરના રોજ રિલીઝ થઈ રહી છે ત્યારે ફિલ્મનું એક યંગ-એટ- હાર્ટ સોન્ગ "કદી રે કદી" તાજેતરમાં જ લોન્ચ કરવામાં આવ્યું છે. આ સોન્ગમાં દેવેન ભોજાણી અને પ્રાચી શાહ પંડ્યા નજરે પડે છે. રોમેન્ટિક પ્રકારનું આ સોન્ગ મેચ્યોર કપલની વાત દર્શાવે છે. ફિલ્મની વાર્તામાં ચાર ચાંદ લગાવતાં ભાર્ગવ પુરોહિત દ્વારા લિખિત આ સોન્ગના શબ્દો કોઈપણ વ્યક્તિને પસંદ આવી જાય તેવા છે. વોર્નર મ્યુઝિક ઈન્ડિયાના બેનર હેઠળ ટેલેન્ટેડ સિંગર્સ યાસર દેસાઈ અને મધુબંતી બાગચીના અવાજમાં સ્વરબદ્ધ કરાયેલ આ સોન્ગ સિદ્ધાર્થ અમિત ભાવસાર દ્વારા કમ્પોઝ કરવામાં આવ્યું છે. સોન્ગ લિંક- https://www.youtube.com/watch?v=1gXI0HntOkw

"ફરી આ સાંજ- સાંજ થી સવારો થાય ત્યાં લગી"- ગીતના આ શબ્દો કોઈ પણ વ્યક્તિનું ધ્યાન આકર્ષિત કરી શકે છે. લોકોના પ્લેલિસ્ટમાં આ સોન્ગનો ઉમેરો તો નક્કી જ છે. ફિલ્મ "ઉડન છૂ"ની વાર્તા જ કાંઈક અલગ છે. આ ફિલ્મ ગુજરાતી લગ્નની પરંપરાગત વ્યવસ્થા વચ્ચે બે વ્યક્તિઓ વચ્ચેના અનોખા સંબંધને દર્શાવે છે. આ ફિલ્મ થકી પ્રેક્ષકો લાગણીઓના રોલરકોસ્ટરની અપેક્ષા રાખી શકે છે કારણ કે ફિલ્મ કેટલાક પરંપરાગત ધોરણોને પ્રશ્ન કરે છે અને પ્રેમના જાદુની ઉજવણી કરે છે.

દેવેન ભોજાણી હસમુખ મહેતાની ભૂમિકામાં છે, જ્યારે આરોહી પટેલ ક્રિના મહેતાની ભૂમિકામાં છે. ફિરોઝ ભગત દાદાની ભૂમિકામાં દેખાય છે, જેમાં સ્મિત જોશી કુકુની ભૂમિકામાં છે. પ્રાચી શાહ પંડ્યા પાનકોર પાપડવાલાની ભૂમિકામાં ઊંડાણ અને આકર્ષણ લાવે છે અને આર્જવ ત્રિવેદીએ હાર્દિક પાપડવાલાની ભૂમિકા ભજવી છે. સહાયક કલાકારોમાં પિન્ટુ મામા તરીકે જય ઉપાધ્યાય, જહાન્વી તરીકે અલીશા પ્રજાપતિ અને સેમી તરીકે નમન ગોરનો સમાવેશ થાય છે, જેઓ એ આ ફિલ્મની વાર્તામાં ચાર ચાંદ લગાડી દીધા છે.

# શ્રી શારદાપીઠ કોલેજનું ગૌરવ




(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા, તા.૫

શ્રી શારદાપીઠ આર્ટસ, કોમર્સ એન્ડ કોલેજ ઓફ એજ્યુકેશન દ્વારકામાં અભ્યાસ કરતો માણેક જયેશ કાનાભાઈ ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી દ્વારા આયોજિત આંતર કોલેજ કુસ્તી સ્પર્ધામાં ૬૧ થી ૬૩ કેજી વજનમાં દ્વિતીય ક્રમ પ્રાપ્ત કરી કોલેજ અને સંસ્થાનું નામ રોશન કર્યું. જેમનું કોચિંગ અને માર્ગદર્શન ડો.હર્ષાબેન એ. વાળાએ પૂરૂ પડેલ હતું અને પ્રોત્સાહન પ્રિન્સિપાલ ડો.સંદીપભાઈ વાઢેર કરેલ. કોલેજના તમામ કર્મચારીએ આ વિદ્યાર્થીને અભીનંદન પાઠવેલ.

# ઉનામાં નાગનાથ મહાદેવ ખાતે વિવિધ પુજા યોજાઈ



ઉના તા. ૫

ઊના શહેરમા દેલવાડા રોડ ઉપર આવેલ વિદ્યાનગર સોસાયટી પાસે આવેલ નાગનાથ મહાદેવના મંદિરમાં શ્રાવણ માસ દરમિયાન વિવિધ પૂજાઓ યોજાઈ હતી અને શ્રાવણ માસ ના અમાસના દિવસે બટુક ભોજન અને દીપ માળા યોજાય હતી. શિવ ભકતોએ દીપમાળાની શૃંગાર આરતીના દર્શન કરી ધન્યતાનો અનુભવ કરેલ હતો સાંજે શિવ ધૂન યોજાઈ હતી.

# ગીરગઢડા અને એભલવડ ગામેથી જુગારી ઝડપાયા

ઉના તા. ૫

ગીરગઢડા પોલીસ સ્ટેશનના પી એસ આઈ એન.બી. ચોહાણની સૂચનાથી પોલીસ અશ્વિનભાઈ જીવનભાઈ સોસા, પ્રજેશ કુમાર રણધીર ભાઈ ચોહાણ અને અમિતભાઈ બાબુભાઈ મોરી, હિતેશ અરસીભાઈ વાળા, દિલીપસિહ વાઢેર અને સ્ટાફે ગીર ગઢડા ગામે દ્રોણ ચોકડી પાસે એક ઓટો ગેરેજની દુકાન પાછળ રૂપિયાની હારજીતનો જુગાર રમતા મસરી ભીખાભાઈ પરમાર, કનુ નાગજીભાઈ દૂધાત, પિયુષ નરેશ ભાઈ ગોહીલ રે. તમામ ગીર ગઢડાવાળાને રોકડા રૂપિયા ૧૨૯૧૦ સાથે પકડી લીધા હતા. અને એભલવડ ગામે નવાપરા વિસ્તારમાં જુગાર રમતા ગુલાબ કમલદીપ સવટ , નાનજી કરશન ગોહીલ, રસુલસા બબુસા રફાઈ, કાળુ યુનુસ રાઠોડ, સોહિલ યુનુસ રફાઈ, જગદીશ જાલામ ખાસિયા, નરેશ ઉર્ફે લાલો વશરામ, રે. એભલ વડ અને થોરડી ગામને રૂપિયાની હાર જીતનો જુગાર રમતા રોકડા રૂપિયા ૨૦૬૦૦/રોકડા સાથે પકડી ગીર ગઢડા પોલીસ સ્ટેશન લાવી ગુનો દાખલ કરી ધરપકડ કરી હતી.

# ૫ સપ્ટેમ્બર શિક્ષક દિવસ

કોઈ પણ સમાજ અથવા દેશનું સારૂ ભવિષ્ય બનાવવાની જવાબદારી તે દેશના શિક્ષકોની છે. તેઓ જે તે દેશના નાગરિકોને સફળતાના શિખરો સુધી પહોંચવાનો માર્ગ બતાવવાનું કામ કરે છે. આ સાથે તેઓ એ પણ જણાવે છે કે, કેવી રીતે સાચા-ખોટાની પરીક્ષા કરવી. આ રીતે, વ્યક્તિના પ્રથમ ગુરુને તેની માતા કહેવામાં આવે છે, જ્યારે શિક્ષક તેને સાંસારિક અનુભૂતિ મેળવવા માટે એટલે કે જીવનમાં આગળ વધવા માટે માર્ગદર્શન આપે છે. શિક્ષકના આ મહત્વને ધ્યાનમાં રાખીને, આપણા દેશમાં દર વર્ષે ૫ સપ્ટેમ્બરના રોજ શિક્ષક દિવસની ઉજવણી કરવામાં આવે છે. આ દિવસ દેશના મહાન શિક્ષક ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણનની યાદમાં ઉજવવામાં આવે છે. સ્વતંત્ર ભારતના પ્રથમ ઉપરાષ્ટ્રપતિ અને બીજા રાષ્ટ્રપતિ તરીકે ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણનનું નામ ભારતીય ઈતિહાસમાં સુવર્ણ અક્ષરે લખાયેલું છે. આદર્શ શિક્ષક ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણન સમગ્ર વિશ્વને એક શાળા માનતા હતા, તેમના વિચારો દરેક પેઢીને પ્રભાવિત કરે છ, ત્યારે આજે અમે તમને રાધાકૃષ્ણનના કેટલાક પ્રેરણાદાયક વિચારો વિશે જણાવીશું.

**શિક્ષક દિવસનો ઈતિહાસ**

આપણા દેશમાં શિક્ષક દિવસની ઉજવણીની શરૂઆત વર્ષ ૧૯૬૨માં ડો. રાધાકૃષ્ણનના રાષ્ટ્રપતિ બનવા સાથે થઈ હતી. હકીકતમાં, આ વર્ષે તેના વિદ્યાર્થીઓએ તેનો જન્મદિવસ ઉજવવાની મંજૂરી માંગી હતી. આ અંગે રાધાકૃષ્ણને કહ્યું કે મારો જન્મદિવસ ઉજવવાને બદલે તેઓ આ દિવસને સમગ્ર દેશમાં શિક્ષકોના સન્માનમાં શિક્ષક દિવસ તરીકે ઉજવે તો મને ગર્વ થશે. આ રીતે, દેશમાં પ્રથમ વખત, ૫ સપ્ટેમ્બર ૧૯૬૨ ના રોજ, ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનના જન્મદિવસ નિમિત્તે, શિક્ષક દિવસની શરૂઆત કરવામાં આવી હતી. આથી યુનેસ્કોએ ઈ.સ.૧૯૯૪માં ૫ ઓક્ટોબરને શિક્ષક દિવસ તરીકે માન્યતા આપી હતી. ભારત સિવાય દુનિયાના બીજા ૧૦૦ દેશોમાં શિક્ષક દિવસની ઉજવણી કરવામાં આવે છે.

**કોણ છે ડો. રાધાકૃષ્ણન ?**

ડો. રાધાકૃષ્ણનનો જન્મ વર્ષ ૧૮૮૮માં તમિલનાડુના તિરૂતાની ગામમાં એક ગરીબ પરિવારમાં થયો હતો. તે નાનપણથી જ અભ્યાસમાં ખૂબ જ ઝડપી હતો. તેમણે ફિલોસોફીમાં એમએ કર્યું અને ૧૯૧૬માં ફિલોસોફીના આસિસ્ટન્ટ પ્રોફેસર તરીકે મદ્રાસ રેસીડેન્સી કોલેજમાં ભણાવવાનું શરૂ કર્યું. થોડા વર્ષો પછી તેઓ પ્રોફેસર બન્યા. તેમની અદભૂત શિક્ષણ કૌશલ્યને કારણે, ઘણી ભારતીય યુનિવર્સિટીઓ ઉપરાંત, કોલંબો અને લંડન યુનિવર્સિટીએ પણ પ્રમાણભૂત ડિગ્રીઓ એનાયત કરી. આઝાદી પછી, તેમણે ઘણા મહત્વપૂર્ણ પદો ઉપર કામ કર્યું અને પેરિસમાં યુનેસ્કો સંસ્થાની કાર્યકારી સમિતિના અધ્યક્ષ પણ બનાવવામાં આવ્યા. તેમણે ૧૯૪૯ થી ૧૯૫૨ સુધી રશિયામાં ભારતના રાજદૂત તરીકે પણ સેવા આપી હતી. આ પછી, વર્ષ ૧૯૫૨માં, તેઓ ભારતના પ્રથમ ઉપરાષ્ટ્રપતિ તરીકે ચૂંટાયા અને પછી તેઓ રાષ્ટ્રપતિ બન્યા. બાદમાં તેમને ભારત રત્ન પણ આપવામાં આવ્યો હતો.

**આદર્શ જીવન જીવવા માટે 'શિક્ષણ'**

કોઈ પણ દેશના ઈતિહાસમાં અશિક્ષિત લોકો દ્વારા ચોરી, હિંસા, અરાજકતા, સામાજિક અનૈતિકતા વગેરે ખૂબ ફૂલ્યા ફાલ્યાં તેથી તે પછીના ક્રમમાં આવેલા વિદ્વાન અને શિક્ષિત લોકોએ સમાજમાં નૈતિક મૂલ્યો સ્થાપિત કરવા, જીવનધોરણ ઊંચું લાવવા અને સામાજિક જવાબદારીઓ માટે સભાનતા કેળવીને સુંદર અને આદર્શ જીવન જીવવા માટે 'શિક્ષણ' ને અત્યંત મહત્વનું પાસું ગણાવ્યું અને શિક્ષણ પર વિશેષ ભાર મૂકાયો. ભારતમાં પણ આ પદ્ધતિ રહી. ગામડાઓમાં શિક્ષણના અભાવે દ્વેષ, વૈરભાવ, રોગ અને સંકુચિતતા ફેલાયેલા હતા જે ક્રમશઃ શિક્ષણના આવવાથી દૂર થયા અને એક સભ્ય સમાજનું નિર્માણ આપણે કરી શકયા. આ જે અશિક્ષિત વર્ગમાંથી શિક્ષિત વર્ગ તરફનું રૂપાંતર થયું તેને ધ્યાનપૂર્વક જોવાની જરૂર છે. વર્ષો પૂર્વે અશિક્ષિત લોકોમાં જે સંકુચિતતા અને અસભ્યતા હતી એ તો ખરાબ જ હતી અને તેને દૂર કરવી જરૂરી હતી, પરંતુ તેને દૂર કરીને શિક્ષણની સાથે તે સમયે માનવમૂલ્યોને પ્રસ્થાપિત કરવાની જે પદ્ધતિ હતી તેના લીધે લોકોમાં શિક્ષણની ખૂબ સારી અને તંદુરસ્ત અસરો પડી. આજના સમયમાં આ વાત તદ્દન જૂદી છે. હવે એકલા શિક્ષણને જ મહત્વ અપાય છે, પછી ભલે ને એ માનવતાના મૂલ્યો ને 'ઓવરટેક' કરી જાય !! તેથી જ આજનું શિક્ષણ વ્યક્તિના વિકાસમાં મદદરૂપ થવાને બદલે સ્પર્ધારૂપ બની ગયું છે. આ વાતને એક સરળ ઉદાહરણ દ્વારા સમજી શકાય. કોઈ નાના ગામમાં રહેતા અશિક્ષિત વ્યક્તિને જ્યારે શિક્ષિત કરવામાં આવે તો એને અભ્યાસની સાથે સાથે તેની કુટુંબ અને સમાજ પ્રત્યેની ફરજો અને પ્રમાણિકતાપૂર્વક પોતાનું કાર્ય કરવાની વાતો પર ભાર મૂકવામાં આવતો હતો. એનું ભણતર એના જીવનના આર્થિક ધોરણની સાથે સાથે માનસિક ધોરણને ઊંચુ લાવવામાં પણ મદદરૂપ થતું. આ ઘટનાની સરખામણીમાં આજનું ભણતર તો ક્યારેક ક્યારેક માનસિક તાણ વધારવામાં મદદરૂપ થાય છે ! - **ડો. સચિન જે. પીઠડીયા, સરકારી વિનયન કોલેજ-ભેંસાણ**

# માંગરોળ પોલીસે શિક્ષકોને પુષ્પગુચ્છ આપી શિક્ષક દિવસની ઉજવણી કરી




(નિલેશ રાજપરા દ્વારા) માંગરોળ તા.૫, આજરોજ માંગરોળ પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ એમ વી રાઠોડ સાહેબ તેમજ સી-ટીમ ઈન્ચાર્જ સમીનાબેન બેલીમ તથા સ્ટાફ દ્વારા શિક્ષક દિન નિમિત્તે તિરુપતિ સ્કૂલ માંગરોળ તેમજ પ્રી પ્રાઈમરી સ્કૂલ ઢેલાણા ના શિક્ષકોની મુલાકાત લીધેલ તેમજ પુષ્પગુચ્છ આપી મીઠાઈ ખવડાવી શિક્ષક દિવસની ઉજવણી કરેલ. તેમજ શિક્ષક દિન નિમિત્તે પોતાના ગુરુ ઓની મુલાકાત લઈ શિક્ષક દિવસની ઉજવણી કરેલ છે. આપણી ભારતીય પરંપરા મુજબ ગુરુ ને ભગવાન જેવો દરજ્જો આપવા મા આવેલ છે.

# ગીર સોમનાથમાં ભાજપ દ્વારા ૪ લાખ સભ્યો બનાવવાનો લક્ષ્યાંક




## સાંસદ, જીલ્લા પ્રમુખ સહિતના અગ્રણીઓએ અભિયાનનો પ્રારંભ કરાવ્યો

(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ તા.૫

સમગ્ર દેશભરમાં ભારતીય જનતા પાર્ટીએ વર્ષ ૨૦૨૪ માટે સદસ્યતા અભિયાન શરૂ કર્યું છે. આ સદસ્યતા અભિયાનમાં **PM, CM** સહિત ટોચના મહાનુભાવોને પ્રાથમિક સભ્ય બનાવવામાં આવ્યા છે. આ સદસ્યતા અભિયાનમાં ૧.૫ કરોડથી વધુ લોકોને ભાજપમાં જોડવાનું લક્ષ્ય નક્કી કરવામાં આવ્યું છે. ત્યારે આજ રોજ ગીર સોમનાથ જિલ્લાના વડા મથક વેરાવળ ખાતે સાચી મલ્ટીપ્લેક્સ ખાતે જિલ્લા ભાજપ અધ્યક્ષ મહેન્દ્ર ભાઈ પીઠીયાની અધ્યક્ષતામાં ગીર સોમનાથ જિલ્લાના સદસ્યતા અભિયાન ૨૦૨૪ના લોન્ચિંગનો કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાંમાં ભારતીય જનતા પાર્ટીની સ્થાપનાથી અત્યાર સુધીના કાર્યકાળને દર્શાવતી વીડિયો ફિલ્મ સાથે કાર્યકર્તાઓ અને આગેવાનોને પાર્ટીને વધુ મજબૂત બનાવવા વધુમાં વધુ લોકોને પાર્ટી સાથે જોડાવા આહવાન કરવામાં આવ્યું હતું. આ તકે જિલ્લા ભાજપ અધ્યક્ષ મહેન્દ્ર પીઠીયાએ જણાવ્યું હતું કે, ગીર સોમનાથ જિલ્લામાં ચાર લાખથી વધુ લોકોને અભિયાન અંતર્ગત ભાજપ સાથે જોડાવાનો લક્ષ્યાંક છે અને આ માટે સંગઠન અને ચૂંટાયેલા પદાધિકારીઓને જવાબદારી પણ સુપ્રત કરાઈ છે અને મોટાભાગના આગેવાનો અને કાર્યકર્તાઓ લક્ષ્યાંકને પૂર્ણ કરવા ઉત્સાહભેર કાર્ય કરી રહ્યા છે. ગીર સોમનાથ જિલ્લામાં સદસ્યતા અભિયાનનો પ્રારંભ જિલ્લા ભાજપ અધ્યક્ષ મહેન્દ્ર પીઠીયા દ્વારા જિલ્લાના સાંસદ રાજેશ ચુડાસમાને ઓનલાઈન સદસ્ય બનાવી પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં સદસ્યતા અભિયાનના ગીર સોમનાથ જિલ્લાના પ્રભારી અને જિલ્લાના મહામંત્રી દિલીપ બારડ, વિશાલ વોરા, ડો.જયેશ વાઘાસિયા, જિલ્લા પંચાયત પ્રમુખ મંજુલાબેન મુછાળ, નગરપાલિકા પ્રમુખ પલ્લવીબેન જાની સહિત ભાજપના સંગઠન અને ચૂંટાયેલા પ્રતિનિધિઓ સહિત બહોળી સંખ્યામાં કાર્યકરો અને આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. ઉલ્લેખનીય છે કે રાજ્યમાં આ સદસ્યતા અભિયાનમાં ૧.૫ કરોડથી વધુ લોકોને ભાજપમાં જોડવાનું લક્ષ્ય નક્કી કરવામાં આવ્યું છે.

# દ્વારકાના આઠ ખેલાડીઓ નડીયાદ ખાતે યોજાનાર રાજ્ય કક્ષાની એથલેટિક્સ સ્પર્ધામાં રમવા જશે



દ્વારકા તા.૦૫

માસ્ટર ખેલકૂદ મંડળ દ્વારા નડીયાદ ખાતે તા ૭/૮.સપ્ટે,ના આયોજીત રાજ્ય કક્ષાની એથલેટિક્સ સ્પર્ધામા દ્વારકાની ૭ મહિલા અને એક પુરુષ કુલ આઠ ખેલાડીઓ તા છ ના નડીયાદ રમવા જશે. દરેક ખેલાડીઓ ગોળાફેંક, ચક્રફેંક, હેમર થ્રો, બર્છીફેંક, હર્ડલ્સ, લોંગજમ્પ જેવી જુદી જુદી રમતોમા ભાગ લેશે.બહેનોમા ભાવનાબેન માણેક, જાગૃતિબેન ઠાકર, ભારતીબેન ઠાકર, રાધિકાબેન દવે, કવિતાબેન ઠાકર, દર્શનાબેન પાઢ, વર્ષાબેન દવે,તેમજ ધનજીભાઈ લુણાવિયા રમવા જશે.આ ખેલાડીઓ શ્રી ભડકેશ્વર યોગગૃપના, દ્વારકાના સ્પોર્ટસમેન ચેતનભાઈ જીંદાણીપાસે છેલ્લા દોઠ મહિનાથી ટ્રેનિંગ લેછે.

# આજથી દ્વારકા મુકામે ફેમિલી કોર્ટ કાર્યરત



(પ્રતિનિધી દ્વારા)

દ્વારકા તા.૫

દેવભૂમિ દ્વારકા જિલ્લાના દ્વારકા તાલુકાના નાગરિકો તેમજ ન્યાયિક હિતને ધ્યાનમાં રાખી આજથી ગુજરાતના ન્યાય વિભાગ દ્વારા દ્વારકા મુકામે આજરોજ ફેમિલી કોર્ટ કાર્યરત કરવામાં આવી છે ફેમિલી કોર્ટને લગતા સ્થાનિય મુકદમાઓ હવેથી આ કોર્ટમાં ચલાવવામાં આવશે જેનો સીધો લાભ સ્થાનિય જનતાને થશે.

# વેરાવળ પાટણ પાલીકાના કર્મીઓએ સોમનાથ મહાદેવને ધ્વજા ચડાવી




(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ તા.૫

પવિત્ર શ્રાવણ માસના અંતિમ સોમવારે (સોમવતી અમાસ)ના દિવસે વેરાવળ પાટણ પાલીકાના ચીફ ઓફીસર ચેતન ડુડિયા સહિત તમામ કર્મચારીઓએ એકત્ર થઈને સોમનાથ મહાદેવને વાજતે ગાજતે ધ્વજા ચડાવી હતી. આ તકે ધ્વજપૂજામાં તમામ કર્મચારીઓ આસ્થાભેર જોડાઈને શહેરીજનોની સુખાકારી માટે મહાદેવ સમક્ષ શીશ ઝુકાવી પ્રાર્થના કરી હતી.

# વેરાવળમાં વેપારીની જમીનમાં આઠ વર્ષથી ગેરકાયદેસર કબ્જો જમાવી બેસેલા શખ્સ સામે લેન્ડ ગ્રેબીગનો ગુનો નોંધાયો

## જીલ્લા કલેક્ટરના આદેશ બાદ પોલીસે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી

(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ તા.૫

વેરાવળ બાયપાસ ઉપર તાલાલા ચોકડીએ આવેલી વેપારીની આઠ વિઘા જમીન ઉપર આઠેક વર્ષથી ગેરકાયદેસર કબ્જો જમાવી બેસેલા શખ્સ સામે જીલ્લા કલેકટરના આદેશ બાદ પોલીસે લેન્ડ ગ્રેબીગ એકટ હેઠળ ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે. આ કાર્યવાહીના પગલે ભૂમાફિયાઓમાં ફફડાટની લાગણી પ્રસરી ગઈ છે. આ અંગે પ્રાપ્ત વિગતોનુસાર મુળ વેરાવળના અને હાલ અમદાવાદ રહેતા વેપારી ગયાનચંદભાઈ ભાનુશાળી અને તેમના પરીવારજનોની અહીંના બાયપાસની તાલાલા ચોકડી રોડ ઉપર આવેલી રે.સર્વે નં.૫૪૭ વાળી આઠ વિઘા જમીન ઉપર ભાલપરા ગામના હિતેશ પટાટ નામના ઈસમે સને ૨૦૧૬ થી ગેરકાયદેસર રીતે કબ્જો કરી લીધો હતો. જેથી વેપારી ગયાનચંદભાઈએ ઘણી વખત પોતાની જમીનનો કબ્જો ખાલી કરી દેવા હિતેશભાઈને સમજાવટ કરતા હોવા છતાં તેઓ માનતા ન હતા અને કહેતા કે, તમારાથી થાય તે કરી લેજો તેવી ધમકી આપી જમીનમાં પ્રવેશવા પણ દેતા ન હતા. જેથી વેપારી ગયાનચંદભાઈએ ગત તા.૬/૬/૨૪ ના રોજ જીલ્લા કલેકટર સમક્ષ લેન્ડ ગ્રેબીગ હેઠળ કાર્યવાહી કરવા અરજી કરી હતી. જેની તપાસમાં વેપારીની માલિકીની જમીન ઉપર હિતેશ પટાટએ કબ્જો કરેલ હોવાનું પ્રસ્થાપિત થયુ હતુ. જેના આધારે જીલ્લા કલેકટર દિગ્વિજયસિંહ જાડેજાએ લેન્ડ ગ્રેબીગ હેઠળ ગુનો નોંધવા આદેશ કરેલ હતો. જેના આધારે પ્રભાસપાટણ પોલીસે વેપારીની ફરીયાદની વિગતોના આધારે ભાલપરાના હિતેશ પટાટ સામે લેન્ડ ગ્રેબીગ એકટ હેઠળ ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# વિદ્યા સમીક્ષા કેન્દ્ર, ગાંધીનગર ખાતે શિક્ષણ મંત્રીની અધ્યક્ષતા તથા શિક્ષણ રાજ્ય મંત્રીની ઉપસ્થિતિમાં શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડથી સન્માનિત થનાર શિક્ષકો સાથે વિચાર ગોષ્ઠી કાર્યક્રમ યોજાયો




(પ્રતિનિધિ દ્વારા)

ગાંધીનગર તા.૫

શિક્ષકો સમાજના ઉત્તમ ઘડવૈયા છે. ગુજરાતના શ્રેષ્ઠ શિક્ષકોને ગુજરાત સરકાર દર વર્ષે તા. ૫ મી સપ્ટેમ્બર એટલે કે 'શિક્ષક દિવસે' તેમની ઉત્તમ કામગીરી માટે શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડથી સન્માનિત કરે છે. આ વર્ષે એવોર્ડ માટે રાજ્યના વિવિધ જિલ્લાઓમાંથી ૨૮ શિક્ષકોની પસંદગી કરવામાં આવી છે. શિક્ષક દિવસની પૂર્વ સંધ્યાએ વિદ્યા સમીક્ષા કેન્દ્ર, ગાંધીનગર ખાતે શિક્ષણ મંત્રી ડો. કુબેરભાઈ ડિંડોર તથા શિક્ષણ રાજ્ય મંત્રી પ્રફુલભાઈ પાનશેરિયાએ આ શિક્ષકો મિત્રો સાથે વિચાર ગોષ્ઠી યોજી હતી. શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડથી સન્માનિત થનાર તમામ શિક્ષકોને અભિનંદન આપતાં શિક્ષણ મંત્રી ડૉ. કુબેરભાઈ ડિંડોરે જણાવ્યું હતું કે, જે દેશમાં સર્જકોનું સન્માન થાય તે દેશ, તે રાજ્ય હંમેશા પ્રગતિ કરે છે. વિદ્યાર્થીઓમાં રહેલી તમામ કલાઓને ખીલવવાનું કામ શિક્ષક કરે છે. શ્રેષ્ઠ કામગીરી કરતા શિક્ષકોની કામગીરીને સુવાસ માત્રા તેમના શાળાઓ પુરતી સીમિત ન રહે પરંતુ તેમની કામગીરીની સુવાસ સમગ્ર રાજ્યમાં ફેલાય તેવા ઉમદા આશય સાથે રાજ્ય સરકાર આ એવોર્ડ એનાયત કરે છે. એક શિક્ષકે બાળકને માતાની મમતા અને પિતાનો પ્રેમ આપવાનો હોય છે. મંત્રીએ ઉમેર્યું હતું કે, રાજ્યમાં છેલ્લાં કેટલાક દિવસોથી થઈ રહેલી અતિવૃષ્ટિના કારણે અનેક બાળકોના પુસ્તકો પાણીમાં પલળવાથી બગડી ગયા છે જેનો ઝડપથી સર્વે કરી તમામ શાળાઓમાં પુસ્તકો પહોચાડવામાં આવશે. અતિવૃષ્ટિ જેવી પરિસ્થિતિમાં પણ શિક્ષકો પોતાના વિસ્તારમાં જઈને જનસેવાના કાર્યમાં જોડાયા હતાં તેમની કામગીરીને પણ મંત્રીએ બિરદાવી હતી. આ પ્રસંગે શિક્ષણ રાજ્ય મંત્રી પ્રફુલભાઈ પાનશેરિયાએ જણાવ્યું હતું કે, જો કોઈ સમાજમાં શિક્ષકને સર્વશ્રેષ્ઠ સન્માન મળે છે ત્યારે જ તે સમાજ જ્ઞાની ગણાય છે. એક શિક્ષકનું કર્તવ્ય સમાજ નિર્માણ માટેનું શ્રેષ્ઠ કર્તવ્ય છે. બાળકોએ આવતીકાલનું ભવિષ્ય છે અને તેમને ભગવદ્ ગીતાનું મહત્વ સમજવું ખૂબ જરૂરી છે તેવા આશા સાથે જ રાજ્ય સરકારે બાળકોના શિક્ષણમાં ભગવદ ગીતાનો સમાવેશ કર્યો છે. જેથી એક બાળક શિક્ષણની સાથે સાથે ભવિષ્યમાં ઉપયોગી એવા જીવનના પાઠ પણ ભણી શકે. મંત્રીએ ઉમેર્યુ હતું કે, દરેક નાગરિકે પોતાના ક્ષેત્રમાં શ્રેષ્ઠ પ્રદર્શન આપવું જોઈએ. રાજ્યના શિક્ષકો દ્વારા વિદ્યાર્થીઓના હિત અને ઉજ્જ્વળ ભવિષ્યના નિર્માણ માટે કરવામાં આવતા શ્રેષ્ઠ કાર્યને બિરદાવા માટે આ રાજ્ય શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ આપવામાં આવે છે. આ એવોર્ડથી દરેક શિક્ષકની શ્રેષ્ઠ પ્રદર્શન આપવા માટે પ્રોત્સાહન મળશે. આ પ્રસંગે પ્રાથમિક, માધ્યમિક અને આચાર્ય કેટેગરીમાં પસંદગી પામનાર શિક્ષકોએ પોતાના પ્રતિભાવ વર્ણવ્યા હતા. આ કાર્યક્રમમાં રાજ્ય શાળા પાઠ્ય પુસ્તક મંડળના નિયામક શ્રી વિનયગિરિ ગોસાઈએ શાબ્દિક સ્વાગત તથા નાયબ નિયામક હર્ષદભાઈ ચૌધરીએ આભારવિધિ કરી હતી.

આ ઉપરાંત કાર્યક્રમમાં રાજ્ય શાળા પાઠ્ય પુસ્તક મંડળના અધિકારીઓ, કર્મચારીઓ તથા શિક્ષકોના પરિવારજનો ઉપસ્થિત રહ્યા હતા.

# જુનાગઢ કૃષિ યુનિવર્સિટીનાં મદદનીશ સંશોધન વૈજ્ઞાનીક ડો. અમિત પોલરાનો જન્મ દિવસ



જુનાગઢ કૃષિ વિશ્વ વિદ્યાલયના કપાસ સંશોધન કેન્દ્રના મદદનીશ સંશોધન વૈજ્ઞાનીક ડો. અમિત એમ. પોલરા નો આજે જન્મ દિવસ છે. ડો. પોલરાએ પી.એચ.ડી. સુધી અભ્યાસ પૂર્ણ કરી મદદનીશ સંશોધન વૈજ્ઞાનીક તરીકે કાર્યરત છે. ડો. પોલરા ખેડતૂો, કૃષિ તજજ્ઞો વૈજ્ઞાનીકોમાં મિલનસાર સ્વભાવે સર્વેને સાથે રાખી કાર્ય કરી રહ્યા છે. જયારે ડો. પોલરા કૃષિ ક્ષેત્રે રાષ્ટ્રીય સંશોધન અખતરાઓ અને રાજ્ય સંશોધન અખતરાઓની જવાબદારી નિભાવી રહ્યા છે. આ ઉપરાંત પોસ્ટગ્રેજયુએટ અભ્યાસ ક્રમમાં પણ કાર્યરત છે. ડો. પોલરાએ આંતરરાષ્ટ્રીય તેમજ રાષ્ટ્રીય વિવિધ કૃષિ સોસાયટીમાં મેમ્બર તરીકે પણ નિમણુંક પામેલ છે.

વિવિધ ઉત્કૃષ્ટ કામગીરી બદલ આંતરરાષ્ટ્રીય તેમજ રાષ્ટ્રીય ડો. પોલરા કૃષિ ક્ષેત્રે ૧૨ કરતા વધુ વિવિધ એવોર્ડ અને મેડલ મેળવ્યા છે. દેશની અગ્રીમ હરોળની નાસ રેટિંગ જર્નલ્સમાં વિવિધ ૧૫ કરતા વધુ સંશોધન પત્રો રજુ કર્યા છે. કૃષિમાં જરૂરી નવીનતમ માહિતી સભર ૧૯ કરતા વધારે પુસ્તકો પણ આપ્યા છે. આવા ખેડૂતો અને કૃષિના ઋષિઓમાં નિર્મોહી એવા શ્રી અમિત એમ. પોલરાનો આજે જન્મ દિવસ હોય તેઓને મિત્રો, તથા સ્નેહીઓ તેમના મો. ૯૮૯૮૬૧૬૫૬૫ ઉપર શુભેચ્છા પાઠવી રહયા છે.


# જાહેર નિવિદા નં.-સ્ટોર-૨/૨૦૨૪-૨૫

નાયબ કાર્યપાલક ઈજનેર, માર્ગ અને મકાન પેટા વિભાગ, પબ્લિક લાયબ્રેરી સામે વેરાવળ.(ટેલીફોન ૦૨૮૭૬-૨૨૦૨૩૭) ની કચેરી દ્વારા (૧) ચમોડા થી ડાભોર રોડ વાડી વિસ્તારના ખેડૂતોને જવા માટે કોઝવેનું કામ (૨) મછીયારાવાડામાં પેવર બ્લોકનું કામ (૩) શાંતિનગર સોસાયટી સરકારી શાળાની બાજુમાં પેવર બ્લોકનું કામ (૪) પાટણ મંગલમ સોસાયટીમાં પેવર બ્લોકનું કામ વગેરે કામના અનુભવી તથા યોગ્ય શ્રેણીમાં નોંધનીય ઈજારદારશ્રીઓ/મંડળીઓ પાસેથી આ કામના ટેન્ડરો રજી.એ.ડી.પોસ્ટ/સ્પીડ પોસ્ટથી માંગવામાં આવે છે. કોરા ટેન્ડરો તા.૦૫/૦૯/૨૦૨૪ થી તા.૧૧/૦૯/૨૦૨૪ સુધીમાં રજાનાં દિવસો સિવાયના દિવસોમાં કચેરીનાં સમય દરમ્યાન મળી શકશે તેમજ ભરેલ ટેન્ડરો તા.૧૯/૦૯/૨૦૨૪ સુધીમાં રજી.એ.ડી. પોસ્ટથી નિયત બાનાની રકમ શેડયુલ બેંકની એફ.ડી.આર. સાથે આ કચેરીમાં રજુ કરવાનાં રહેશે. કામની તમામ વિગતો આ કચેરીનો રૂબરૂ સંપર્ક કરવાથી મળી શકશે.

માહિતી/જુના/જા.ખ./૪૦૧/૨૪

# જૂનાગઢના ગણેશનગરમાં ગેસ લિકેજની દુર્ઘટનામાં માસુમ બાળકનું મૃત્યુ થતાં પરિવાર શોકમગ્ન : માતા-પિતાની હાલત ગંભીર

જૂનાગઢ તા.૫ : જૂનાગઢમાં ગેસ લીકેજથી રસોડામાં આગની ઘટનામાં માસુમનું મૃત્યુ થતાં ગમગીની પ્રસરી ગઈ છે. અને હજુ બાળકના માતા-પિતા ગંભીર હોવાનું જાણવા મળેલ છે.

શહેરમાં ગિરનાર દરવાજા પાસેનાં ગણેશનગરમાં રહેતા કાનજીભાઈ માવજીભાઈ કટારીયાના મકાનના રસોડામાં મંગળવારની રાત્રે ૧૧ વાગ્યે ગેસ લીકેજ થતા બ્લાસ્ટ થતા આગ લાગી હતી.

આ ઘટનામાં ૫૫ વર્ષીય કાનજીભાઈ તેમજ તેમના ૩૫ વર્ષીય પુત્ર વિજયભાઈ, ૩૨ વર્ષીય પુત્રવધુ મનિષાબેન તથા ૭ વર્ષીય પૌત્ર દત દાઝી ગયા હતા. ચારેયને પ્રથમ જૂનાગઢ સિવિલ હોસ્પિટલમાં અને વધુ સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં રિફર કરાયા હતા. જ્યાં ગઈકાલે સાંજે ૪ વાગ્યે બાળકનું મૃત્યુ નીપજ્યું હતું. જયારે બાળકનાં પિતા વિજયભાઈ તથા માતા મનીષાબેનની હાલત ગંભીર હોય સારવાર હેઠળ છે.

મંગળવારની રાત્રે ૧૦:૩૦ થી ૧૧ વાગ્યાની વચ્ચે વિજયભાઈ તથા મનીષાબેન તેમના પુત્ર દતને દૂધ પીવડાવવા માટે રસોડામાં ગયા હતા અને મહિલાએ રસોડાની સ્વીચ ચાલુ કરતા બ્લાસ્ટ થવની સાથે આગ લાગી હતી.

આ ઘટનામાં ત્રણેય દાઝી ગયા હતા અને તેમને બચાવવા જતા કાનજીભાઈ પણ ગંભીર રીતે દાઝી ગયા હતા.

આ ઘટનામાં પરિવારના રસોડામાં ગેસ સ્ટવ રાંધણગેસના સિલિન્ડર વગેરે સરસામાન સલામત જોવા મળ્યો હતો. બ્લાસ્ટનો અવાજ ઘટના સ્થળથી ૧૫૦ મીટર સુધી સંભળાતા પાડોશીઓ દોડી આવ્યા હતા.

આ બનાવ અંગે એ ડિવિઝન પોલીસે કાનજીભાઈ કટારીયાના નિવેદનના આધારે જાણવા જોગ લઈ આગળની કાર્યવાહી કરી હતી વધુ તપાસ મહિલા પીએસઆઈ વી. એલ. લખધીર ચલાવી રહ્યા છે.

# મંડળીઓ અને સભાસદોને માત્ર જિલ્લા સહકારી બેંકોમાં જ ખાતા ખોલાવવા ફરમાન જારી કરતાં પરિપત્ર વિરુદ્ધ હાઇકોર્ટમાં રિટ



અમદાવાદ, તા.૫ રાજયની સહકારી મંડળીઓ અને સભાસદોને માત્ર જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકોમાં જ ખાતા ખોલાવવા ફરમાન જારી કરતાં રાજયના જિલ્લા સહકારી રજિસ્ટ્રાર દ્વારા જારી પરિપત્રને પડકારતી રિટ અરજી ગુજરાત હાઈકોર્ટમાં દાખલ કરાઈ છે. રિટ અરજીમાં એવા મુદ્દા ઉપસ્થિત કરાયા છે કે, જિલ્લા સહકારી રજિસ્ટ્રારનો આ પરિપત્ર ગુજરાત કો.ઓપરેટીવ સોસાયટીઝ એકટ-૧૯૬૧ની જોગવાઈઓથી વિરુધ્ધનો છે. સરકારના આ પરિપત્રથી બંધારણની કલમ-૪૩નો પણ ભંગ થતો હોઈ તે રદબાતલ થવાપાત્ર ઠરે છે. કાયદાકીય જોગવાઈ, આરબીઆઇ ગાઈડલાઈન્સ કે બંધારણીય જોગવાઈથી ઉપરવટ જઈને સરકાર કે સત્તાવાળાઓ આવો કોઈપણ પરિપત્ર જારી કરી શકે નહી. ચોક્કસ પ્રકારની બેંકોમાં જ ખાતુ ખોલાવવા માટે સરકારના સત્તાવાળાઓ ફરજ પાડી શકે નહી. આમ કરવાની તેઓને કોઈ સત્તા જ નથી.

વળી, અગાઉ માધુપુરા બેંક જેવી અનેક બેંકો ફડચામાં જતાં હજારો થાપણદારોની મહેનત પરસેવાની કમાણી ડૂબી ગઈ છે. આ સંજોગોમાં જો સહકારી મંડળીઓના નાણાં એક જ મધ્યસ્થ સહકારી બેંકમાં મૂકવામાં આવે અને આવી બેંકો ફડચામાં જાય કે ડૂબી જાય તો, સહકારી મંડળીઓના રોકાણકારોની લાખો કરોડોની ડિપોઝીટોની સલામતી અને આર્થિક સુરક્ષાને લઈ ગંભીર પ્રશ્નો ઉભા થાય.

આ સંજોગોમાં જિલ્લા સહકારી રજિસ્ટ્રારનો પરિપત્ર ગેરકાયદે અને ગેરબંધારણીય હોઈ રદબાતલ ઠરાવવો જોઈએ. રિટ અરજીમાં આ વિવાદીત પરિપત્રની કાયદેસરતાને પડકારી સરકારનો આ પરિપત્ર આરબીઆઈની માર્ગદર્શિકાની વિરુધ્ધનો હોઈ તેને રદબાતલ ઠરાવવા દાદ મંગાઈ છે.

# માણાવદર-વંથલી હાઈવેમાં ખુલ્લેઆમ લોટ, પાણીને લાકડા જેવી કામગીરી કરી પ્રજા સાથે છેતરપિંડી કરતું તંત્ર : ૫૦ ટકા કામ પૂર્ણ થયાના દાવાના ધજાગરા





(પ્રતિનિધિ દ્વારા) માણાવદર તા.૫ માણાવદર-વંથલી હાઈવે કહેવાય પરંતુ તે હાઈવે કહેવા લાયક રહ્યું નથી. થીગડા ઉપર થીગડા મારી-મારીને હાઈવે જેવું નામ તંત્રએ રહેવા દીધુ નથી. ઉપરથી ૧૦ વર્ષમાં થીગડાના બિલો ચુકવ્યા તેમ પ્રજાજનોમાંથી ફરિયાદો ઉઠી છે. બિલો બનાવવાનું મોટું કરાસ્તાન ? ફરી એકવાર હાઈવેમાં ખુલ્લેઆમ લોટ, પાણી અને લાકડા જેવી કામગીરી કરી પ્રજા સાથે ખુલ્લેઆમ છેતરપિંડી તંત્ર કરતું હોવાની પ્રજાજનોમાંથી વ્યાપક ફરિયાદો ઉઠી છે. ખુદ તંત્ર કહે છે જૂનાગઢ જીલ્લામાં ૫૦ ટકા કામ પૂર્ણ થયાની વાતો માણાવદર-વંથલી હાઈવે એ કામ પૂર્ણ થયાની પોલ ખોલી છે. જો મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ વીજીલન્સ સ્થળ તપાસ હાઈવેની કરાવે તો વાસ્તવિક સ્થિતિ જોવા મળે તેમ છે. તંત્ર કે જે સરકારી તંત્ર કાંકરા નાખી ખાડા બુરીયાનું બતાવી સરકાર સાથે છેતરપિંડી તો થઈ હોવાની ચર્ચા પ્રજાજનો કરી રહ્યા છે તે જોવા મુખ્યમંત્રીને પ્રજાજનોનું આહવાન કરે છે. અનેક ખાડા યથાવત કેમ ? તેવા સવાલો ઉઠ્યા છે.

## ખુદ સરકારી તંત્ર દ્વારા કાંકરા નાખી ખાડા બુર્યાનું બતાવી સરકાર સાથે થયેલ છેતરપિંડી જોવા મુખ્યમંત્રીને પ્રજાનું આહવાન : અનેક મોટા ખાડા યથાવત છતાં બીલો બનાવવા મોટું કારસ્તાન ?

# ધો.૯ અને ૧૧ ની પરીક્ષામાં પણ હવે જનરલ વિકલ્પ : ૩૦ ટકા હેતુલક્ષી અને ૭૦ ટકા વર્ણનાત્મક પ્રશ્નો પૂછાશે

## શિક્ષણ બોર્ડના નિર્ણયથી રાજ્યના ૧૫ લાખથી વધુ વિદ્યાર્થીઓને થશે ફાયદો



અમદાવાદ, તા.૫ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ ૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષાની માફક ધોરણ ૯ અને ૧૧ની પરીક્ષાના માળખામાં પણ મોટો ફેરફાર જાહેર કર્યો છે. નવી બદલાયેલી પદ્ધતિ મુજબ હવેથી ધોરણ ૯ અને ૧૧ની પરીક્ષામાં જનરલ વિકલ્પ આપવામાં આવશે તેમજ હેતુલક્ષી પ્રશ્નો ૩૦ ટકા પુછાશે. જ્યારે વર્ણનાત્મક પ્રકારના પ્રશ્નો ૭૦ ટકા પૂછવામાં આવશે. અત્યાર સુધીના નિયમ મુજબ ૨૦ ટકા હેતુલક્ષી અને ૮૦ ટકા વર્ણનાત્મક પ્રકારના પ્રશ્નો પુછાતા હતા. આ નિર્ણયથી થોડા માર્કસ માટે નાપાસ થતાં વિદ્યાર્થીઓને પરીક્ષા પાસ કરવામાં મદદરૂપ થશે. બોર્ડના આ નિર્ણયથી ધોરણ ૯ના અંદાજે ૯ લાખ જેટલા અને ધોરણ ૧૧ના ૬ લાખથી વધુ મળી અંદાજે કુલ ૧૫ લાખથી વધુ વિદ્યાર્થીઓની પરીક્ષામાં ફેરફાર થશે.

બોર્ડ દ્વારા આંતરિકના બદલે જનરલ વિકલ્પની જોગવાઈ લાગું કરી છે. અત્યાર સુધી જે આંતરિક વિકલ્પની જોગવાઈ હતી એ મુજબ એક પ્રશ્નના અથવામાં એક પ્રશ્ન પુછવામાં આવતો હતો. જેથી વિદ્યાર્થીએ બેમાંથી કોઈ એક પ્રશ્ન લખવો અનિવાર્ય હતું. આમ વર્ણનાત્મક પ્રકારના તમામ પ્રશ્નો એ મુજબ પુછાતા હતા. જોકે હવે જનરલ વિકલ્પમાં પાંચ પ્રશ્ન પૂછવામાં આવ્યા હોય અને એમાંથી કોઈપણ ત્રણ કે ચાર પ્રશ્ન લખવાનો થાય. આમ જનરલ ઓપ્શનના લીધે વિદ્યાર્થી અમુક પ્રકારની સિમિત તૈયારી કરી હોય તો પણ તે પાસ થઈ શકે એટલો ન્યાય આપી શકે એવું નિષ્ણાતો જણાવે છે.

# જૂનાગઢમાં વરસાદનો નવો રાઉન્ડ શરૂ

જૂનાગઢ તા.૫ દેશભરમાં આ વર્ષે ચોમાસું ખુબ જ ભારરૂપ રહ્યું છે. ચોમાસાના દિવસો દરમ્યાન અવાર-નવાર ત્રણ થી ચાર સીસ્ટમ સર્જાતા લો-પ્રેશરને કારણે સૌરાષ્ટ્ર-ગુજરાત તેમજ દેશના વિવિધ ભાગોમાં અતિભારે વરસાદ પડયો છે અને હવે ચોમાસાના અંતિમ માસ એવા સપ્ટેમ્બર માસમાં પણ કેટલાક વિસ્તારોમાં વરસાદ પડી રહ્યો હોવાના અહેવાલો છે. દરમ્યાન જૂનાગઢ શહેર અને જીલ્લામાં છેલ્લા એક અઠવાડીયા થયા મેઘરાજાએ ખમૈયા કરેલા હોય અને વરસાદનું જોર ઘટયું હતું. પરંતુ છેલ્લા બે દિવસથી વરસાદી હવામાન બંધાયું છે અને અવાર-નવાર વરસાદના ઝાપટા પડી રહ્યા છે. દરમ્યાન આજે સવારથી જ જૂનાગઢ શહેરમાં વરસાદી ઝાપટાનો દોર સતત પડી રહ્યો છે. આ લખાઈ રહ્યું છે ત્યારે પણ વરસાદના ઝાપટા પડી રહ્યા છે. વરસાદનું જોર ઘટયાના દિવસોથી જૂનાગઢ શહેરના રસ્તાઓ પરથી કીચડ અને કાદવ ઓછા થયા હતા તેમજ રસ્તાઓ સુકા થતાં વાહન ચાલકોને થોડી ઘણી રાહત મળી હતી. જોકે, જૂનાગઢ શહેરના રસ્તાઓને બોવ વખાણવાની જરૂર નથી. કારણ કે આ રસ્તાઓ બોવ ગવાઈ ચુકેલા છે. આ રાહત જનક સ્થિતિ વચ્ચે આજે ફરી પાછા વરસાદના ઝાપટાનો દોર શરૂ થતાં રસ્તાઓ ઉપર પાણી વહેવા લાગ્યા છે એટલું જ નહીં ખાડા-ખાબોચીયામાં પણ ઠેર-ઠેર પાણી ભરાયા છે.

# જૂનાગઢ જિલ્લામાં ૧૧ પોલીસ ઈન્સ્પેકટરની આંતરિક બદલી કરાઈ

જૂનાગઢ તા. ૫: જૂનાગઢ જિલ્લામાં એસપી હર્ષદ મહેતાએ લીવ રિઝર્વમાં રહેલા પોલીસ અધિકારીઓને જવાબદારી સોંપવાની સાથે ૧૧ પોલીસ ઈન્સ્પેક્ટરની આંતરિક બદલીનો હુકમ જારી કર્યો છે.

જેમાં લીવ રિઝર્વ પીઆઈ પી. સી. સરવૈયાને જૂનાગઢ બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં તથા જૂનાગઢ સીપીઆઈ એન. એલ. પાંડોરને જૂનાગઢ શહેર સી ડિવિઝનમાં મૂકવામાં આવ્યા છે.

જ્યારે સીપીઆઈ માંગરોળ એસ. આઈ. મંઘરાને ચોરવાડ, કેશોદ પીઆઈ એ. બી. ગોહિલને માંગરોળ સીપીઆઈ, લીવ રિઝર્વ પીઆઈ પી. એ. જાદવને કેશોદ મૂકવામાં આવ્યા છે.

તેમજ લીવ રિઝર્વ પીઆઈ એફ. બી. ગગનીયાને મહિલા યુનિટમાં, લીવ રિઝર્વ પીઆઈ એસ. કે. દેસાઈને માંગરોળ, લીવ રિઝર્વ પીઆઈ બી આર પારઘીને માણાવદર, વિસાવદરમાં પીઆઈ આર. બી. ગઢવીને સીપીઆઈ જૂનાગઢ, લીવ રિઝર્વ પીઆઈ કે. એમ. પટેલને એલઆઈબી અને એલઆઈબી પીઆઈ આર એસ પટેલને બદલી કરી વિસાવદર ખાતે મુકવામાં આવ્યા છે.

# જૂનાગઢ શહેર-જીલ્લામાં અપમૃત્યુના ૬ બનાવો નોંધાયા

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા) જૂનાગઢ તા.૫ જૂનાગઢ સહિત જીલ્લામાં ૬ના અકાળે મોત થયાનું વિવિધ પોલીસ મથકોએ નોંધાતા પોલીસે ધોરસરની કાર્યવાહી કરી છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર સી ડીવીઝન પોલીસ મથકે નીપુલ ચીમનભાઈ ભુતે જાહેર કરેલ કે મૃતક રામુ હેરીલાલ પાલ (ઉ.વ.૨૦) વાળાએ કોઈ અગમ્ય કારણોસર ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધાનું જાહેર કરતા પોલીસે કાર્યવાહી કરી છે. જયારે કેશોદના મોવાણા દરવાજા વિસ્તારમાં રહેતા અરમાન આસીફભાઈ સોઢા (ઉ.વ.૨૩) વાળાએ તા.૧૦-૮-૨૪ના રોજ પોતાના ઘરે કોઈપણ અગમ્ય કારણોસર ઘઉંમાં નાખવાના ટીકડા પી જતા સારવાર દરમ્યાન મોત નિપજયાનું આદીલભાઈ રફીકભાઈ સોઢાએ કેશોદ પોલીસ મથકે જાહેર કરતા પોલીસે કાર્યવાહી કરી છે. તેમજ શાપુર ગામે વાડી વિસ્તારમાં કેરિયાભાઈ ચીમલીયાભાઈ ભીંડે (ઉ.વ.૧૯)વાળાને ડાબા પગે અંગુઠામાં સાપ કરડી જતા સારવાર દરમ્યાન મોત નિપજયાનું સુરસિંગ નગરસિંગ ડાવરે જાહેર કરતા પોલીસે કાર્યવાહી કરી તેમજ વંથલી નજીક દિલાવરનગર પાસે આવેલ પુલીયાના પાણીમાં પડી જતા ડુબી જવાથી પાંડયા નટવરલાલનું મોત નિપજયાનું રીપેશ અરવીંદભાઈ બારીયાએ જાહેર કરતા પોલીસે કાર્યવાહી કરી છે. જયારે ખોરાસા ગામે રહેતા રાજભાઈ વીરાભાઈ કારેથાનું પોતાની વાડીના કુંવામાં ડુબી જવાથી મોત નિપજયાનું જનકભાઈ ભનાભાઈ કારેથાએ વંથલી પોલીસમાં જાહેર કરતા પોલીસે કાર્યવાહી કરી. તેમજ માણાવદર બસ સ્ટેન્ડ સામે આવેલ નદીમાં ડુબી જવાથી સુનીલભાઈ છગનભાઈ ચુડાસમા (ઉ.વ.૩૦) વાળાનું મોત નિપજયાનું મૃતકના પત્ની સોનમબેને જાહેર કરતા માણાવદર પોલીસે ધોરણસરની કાર્યવાહી કરી છે.

# જૂનાગઢ સિવિલ હોસ્પિટલના પાર્કિંગમાંથી મોપેડની ઉઠાંતરી

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા) જૂનાગઢ તા.૫ શહેરના સિવિલ હોસ્પિટલના પાર્કિંગમાં પાર્ક કરેલ મોપેડ કોઈ અજાણ્યો શખ્સ ઉઠાવી ગયાની ફરીયાદ એ ડીવીઝન પોલીસ મથકે નોંધાઈ છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર એ ડીવીઝન પોલીસ મથકે રીધ્ધીબેન નીરવભાઈ વસાણીએ અજાણ્યા ચોર ઈસ્મ વિરૂધ્ધ એવા મતલબની ફરીયાદ નોંધાવી છે કે, ફરીયાદીની ટીવીએસ જયુપીટર ગ્રે કલરની નં.જીજે-૦૩-એચપી-૮૭૯૫ કિ.રૂા.૪૦૦૦૦વાળી કોઈ અજાણ્યા ચોર ઈસમ ચોરી કરી ગયાની ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી.

# ઉત્કૃષ્ટ કામગીરી બદલ સન્માન





(પ્રતિનિધિ દ્વારા) માણાવદર તા.૫ કલેકટર જૂનાગઢના માર્ગદર્શન તેમજ પ્રાંત અધિકારી વંથલીના વડપણના હેઠળ માણાવદર તાલુકામાં પડેલ ભારે વરસાદ દરમ્યાન રાહત અને બચાવ કામગીરી અન્વયે કે.જે. મારૂ, મામલતદાર, માણાવદર તેમજ કે.સી. સોલંકી નાયબ મામલતદાર (ડીઝાસ્ટર)એ કરેલ ઉત્કૃષ્ટ કામગીરી જેવી કે તાલુકામાં પડેલ ભારે વરસાદના કારણે ફસાયેલ ૪૮ જેટલી વ્યક્તિઓનો એનડીઆરએફ, એસડીઆરએફ તેમજ હોમગાર્ડના જવાનોને સાથે રાખી રેસ્કયુ કરી સલામત સ્થળે ખસેડવાની તેમજ નીચાણ વાળા વિસ્તારમાંથી સ્થળાંતર કરાવવાની ઉત્કૃષ્ટ કામગીરી બદલ કલેકટર જૂનાગઢ દ્વારા સન્માનિત કરવામાં આવેલ છે.





